અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૮ | અંક : ૮૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### હાઈકોર્ટે સિદ્ધારમૈયાની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

## સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી : ભાજપ

। (એજન્સી) કર્ણાટક, તા.૨૪ ।

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હાઈકોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-MUDA કેસમાં તેમની અરજી ફગાવી દીધી છે. હકીકતમાં, રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના જમીન કેસમાં સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. રાજ્યપાલના આ નિર્ણયને મુખ્યમંત્રીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.કર્ણાટક હાઈકોર્ટની નાગપ્રસન્ના બેન્ચે CM સિદ્ધારમૈયાની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણય પર ભાજપે કહ્યું કે સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. હાઈકોર્ટે આ કેસમાં ૧૨ સપ્ટેમ્બરે સુનાવણી પૂરી કરી હતી અને પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. રાજ્યપાલે પ્રદીપ કુમાર એસ.પી., ટી.જે. ૧૬ ઓગસ્ટના રોજ, અબ્રાહમ અને સ્નેહમોયી કૃષ્ણાની અરજીઓમાં ઉલ્લેખિત કથિત અપરાધો માટે



ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ 17A અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૧૮ હેઠળ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી હતી.સિદ્ધારમૈયાએ ૧૯ ઓગસ્ટના રોજ રાજ્યપાલના આદેશની માન્યતાને પડકારતી અરજી હાઈકોર્ટમાં કરી હતી. રાજ્યપાલના આદેશને રદ કરવાની વિનંતી કરતી અરજીમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મંજૂરીનો આદેશ વિચાર્યા વિના જાહેર કરવામાં આવ્યો હતો અને તે વૈધાનિક નિયમોનું ઉલ્લંઘન છે. આરોપ છે કે સિદ્ધારમૈયાની પત્ની બીએમ પાર્વતીને મૈસુરના પોશ વિસ્તારમાં જમીન ફાળવવામાં આવી હતી. મિલકતની કિંમત તેમની જમીનના સ્થાન કરતાં વધુ હતી, જે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ પાર્વતીને તેની ૩.૧૬ એકર જમીનના બદલામાં ૫૦:૫૦ રેશિયો યોજના હેઠળ પ્લોટ ફાળવ્યા હતા, જ્યાં મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ રહેણાંક લેઆઉટ વિકસાવ્યું હતું. ઓગસ્ટમાં કર્ણાટકના મંત્રીઓ અને કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યપાલ ગેહલોત દ્વારા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા સામે 'રાજભવન ચલો' વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે રાજ્યપાલ પર ભેદભાવપૂર્ણ વર્તનનો આરોપ લગાવ્યો છે. પાર્ટીનું કહેવું છે કે રાજ્યપાલ સમક્ષ અન્ય ઘણા કેસ પણ પેન્ડિંગ છે, પરંતુ તેમણે તેના પર કોઈ નિર્ણય લીધો નથી.દરમિયાન, રાજ્યપાલ ગેહલોતે ગયા અઠવાડિયે રાજ્યના મુખ્ય સચિવ શાલિની રજનીશને પત્ર લખ્યો હતો અને શક્ય તેટલી વહેલી તકે દસ્તાવેજો સાથે વિગતવાર અહેવાલની માંગ કરી હતી.

---

## ન્યૂઝ બ્રિફ

### ભાવનગરમાં SOGએ ૭ લાખથી વધુનું ડ્રગ્સ ઝડપ્યું

। ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરમાં SOGએ ઝડપેલ ડ્રગ્સની (Drugs) તપાસ પૂર્ણ થઈ છે. ત્રણ ઈસમને ૭૦.૮૨ ગ્રામના ડ્રગ્સ સાથે ઘોઘાના કુડા ચોકડી પાસેથી ઝડપ્યા છે, ઈસમો સાથે ૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એસઓજીએ કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. હાલ SOG દ્વારા ઘોઘા પોલીસ સ્ટેશને ગુનો રજિસ્ટર કરાવ્યો છે. ઈકબાલ ચૌહાણ, રાજેશ સોલંકી, જયેશ ગોહેલને ઝડપી લીધા છે. ૩ ઈસમો સાથે ૭,૨૩૨,૦૦નો મુદ્દામાલ પણ કબ્જો કર્યો છે. મેથાએમ્ફટામાઈન ડ્રગ્સના સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા છે.

### ભાવનગરમાં નાયબ કુલસચિવે અચાનક રાજીનામુ આપ્યું

। ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરમાં નાયબ કુલસચિવે રાજીનામુ આપ્યું છે. નાયબ કુલ સચિવે અચાનક જ રાજીનામુ આપ્યું છે. તેમણે ઈસી મળ્યાના ગણતરીના કલાકોમાં રાજીનામુ આપ્યું છે. તેમના રાજીનામા પાછળનું કારણ હજી અકબંધ છે. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. તેમણે ઈન્ચાર્જ કુલપતિ ડો. મહેશ ત્રિવેદીને રાજીનામું સોંપ્યું છે. નાયબ કુલ સચિવ ડો. ભાવેશ જાનીએ કેમ રાજીનામુ આપ્યું તેના અંગે સત્તાવાર રીતે હજી સુધી કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. આ ઉપરાંત ભાવેશ જાનીએ પોતે પણ હજી સુધી આ અંગે કોઈપણ પ્રકારનું કારણ જણાવ્યું નથી.

---

### ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

## છત્તીસગઢમાં વીજળી પડવાના કારણે ૪ બાળકો સહિત ૮ લોકોના મોત

### માહિતી મળ્યા બાદ કલેક્ટર, એસપી અને જિલ્લા શિક્ષણાધિકારી પણ ઘટનાસ્થળે રવાના થયા હતા, આ ઘટનામાં એક વ્યક્તિ દાઝી ગયો છે

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૪ ।

છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના જોરાતરાઈ ગામમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ તમામ લોકો પાનની દુકાન પાસેના કમ્પાઉન્ડમાં રોકાયા હતા. આ દરમિયાન જોરદાર કડાકા સાથે વીજળી પડી અને ત્યાં હાજર ૪ બાળકો અને અન્ય લોકો તેની ઝપેટમાં આવી ગયા. જેના કારણે તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. માહિતી મળ્યા બાદ કલેક્ટર, એસપી અને જિલ્લા શિક્ષણાધિકારી પણ ઘટનાસ્થળે રવાના થયા હતા. આ ઘટનામાં એક વ્યક્તિ દાઝી ગયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. માહિતી મળતાં જ આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વીજળી પડવાથી ૮ લોકોના મોત થયા છે. કેટલાક શાળાના બાળકો પણ તેનાથી પ્રભાવિત થયા અને તેમણે જીવ પણ ગુમાવ્યો છે. એક વ્યક્તિ ઘાયલ છે. હાલ ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ગયા રવિવારે જાંજગીર ચાંપાના સુકાલી ગામમાં પિકનિક માટે ગયેલા ૧૧ વર્ષના બાળક પર વીજળી પડી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. બાળક તેના મિત્રો સાથે ગામ નજીક પિકનિક માટે ગયો હતો. આ ઘટનામાં અન્ય ૮ લોકો ઘાયલ પણ થયા હતા. મળતી માહિતી મુજબ, બપોરે ૩ વાગ્યાની આસપાસ ગામના તળાવ પાસે ૨૨ યુવાનો અને બાળકો પિકનિક કરી રહ્યા હતા. આ દરમિયાન ભારે વરસાદની સાથે વીજળીના ચમકારા શરૂ થયા હતા. આનાથી બચવા બધા તળાવ પાસે આંબાના ઝાડ નીચે ઊભા રહ્યા. આ દરમિયાન આંબાના ઝાડ પર જ વીજળી પડી હતી. આ ઘટનામાં ૭ યુવકો અને ૨ બાળકો પણ ઘાયલ થયા હતા. જેમને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ચંદ્રહાસ દરવેશ નામનો બાળક વીજળી પડતાં ખરાબ રીતે દાઝી ગયો હતો. જેમને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

---

### સુનીતા વિલિયમ્સે રચ્યો ઈતિહાસ

## બીજી વખત ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના બન્યા કેપ્ટન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અંતરીક્ષયાત્રી સુનીતા વિલિયમ્સને પૃથ્વી પર પરત લાવવાના પ્રયાસો ચાલુ છે. સાથે જ તેમને અંતરિક્ષમાં પણ નવી જવાબદારીઓ સોંપ વામાં આવી છે. મળતી માહિતી મુજબ, સુનીતા વિલિયમ્સને ISS એટલે કે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની કમાન સોંપવામાં આવી છે. તેમણે ISSના કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે, આ પહેલા પણ તે આ જવાબદારી નિભાવી ચૂક્યા છે. તે ૫ જૂન, ૨૦૨૪થી સાથી અંતરીક્ષયાત્રી બૂચ વિલ્મોર સાથે સ્પેસ સ્ટેશન પર છે. બોઈંગ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામીને કારણે સુનીતા વિલિયમ્સની અંતરીક્ષ યાત્રા લાંબી થઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમની વાપસી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી મુલતવી રાખવામાં આવી છે. અહેવાલો અનુસાર, અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ જાહેરાત કરી છે કે, રશિયન અંતરીક્ષયાત્રી ઓલેક કોનોનેકોએ સ્પેસ સ્ટેશનની કમાન



સુનીતા વિલિયમ્સને સોંપી દીધી છે. આ અંગે સ્પેસ સ્ટેશન પર એક નાનકડો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. ૩૭૪ દિવસ અંતરીક્ષમાં વિતાવ્યા બાદ રશિયાના કોનોનેકો, નિકોલાઈ ચુબ અને અમેરિકન અવકાશયાત્રી ટ્રેસી સી ડાયસન પૃથ્વી પર પાછા ફર્યા છે. ડાયસન ૬ મહિના સુધી અંતરીક્ષમાં રહ્યા.બે રશિયન અને એક અમેરિકનને લઈને સોયુઝ કેપ્સ્યુલ સોમવારે કઝાકિસ્તાનમાં ઉતરી હતી. આ સાથે બંને રશિયન અવકાશયાત્રીઓના લાંબા રોકાણનો અંત આવ્યો.

---

### કલેક્ટરે આપ્યો આદેશ

## પુરીના જગન્નાથ મંદિરમાં પણ ઘીનું કરવામાં આવશે પરીક્ષણ

। (એજન્સી) ઓડિશા, તા.૨૪ ।

વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળનો મામલો હજુ ઉકેલાયો નથી. જ્યાં આને લઈને વિવાદ ચાલી રહ્યો છે, તો બીજી તરફ ઓડિશાના પુરીમાં સ્થિત જગન્નાથ મંદિરને લઈને પણ એક મોટું અપડેટ બહાર આવ્યું છે. તિરુપતિ બાલાજી મંદિરની ઘટના બાદ હવે જગન્નાથ મંદિરમાં પણ કોઈ બેદરકારી ન થાય તે માટે તૈયારીઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં જિલ્લા મેજિસ્ટ્રેટે હવે જગન્નાથ મંદિરમાં વપરાતા ઘીનું પણ પરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, તિરુપતિ કેસ બાદ પુરી પ્રશાસન સતર્ક થઈ ગયું છે. આ પહેલા રાજસ્થાન સરકારે પણ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળને લઈને મોટો નિર્ણય લીધો હતો. તાજેતરમાં જ રાજસ્થાન સરકારે રાજ્યના મોટા મંદિરોના પ્રસાદનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ હેઠળ રાજસ્થાનના મોટા મંદિરોના પ્રસાદની તપાસ થવાની છે. ભજનલાલ સરકારે મંદિરોના પ્રસાદની તપાસનો આદેશ આપ્યો છે. સરકારના આદેશ મુજબ, આ તપાસ ૨૬ સપ્ટેમ્બરની વચ્ચે પૂર્ણ થવાની છે.

---

### પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના

## પશ્ચિમ બંગાળમાં માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૨૪ ।

પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર ડિવિઝનના ન્યૂ મયનાગુરી સ્ટેશન પર મંગળવારે વહેલી સવારે ખાલી માલગાડી ટ્રેનના ૫ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. હજુ આ દુર્ઘટનાનું કારણ જાણી શકાયું નથી. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. પૂર્વોત્તર સરહદ રેલવે ઝોનના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રેલવે સેવાઓ પ્રભાવિત થઈ હતી. વૈકલ્પિક માર્ગો દ્વારા કામગીરી ડાયવર્ટ કરવામાં આવી હતી. અલીપુરદ્વારના ડિવિઝનલ રેલવે મેનેજર સહિત વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અકસ્માતમાં અસરગ્રસ્ત ટ્રેક



અને કોચને રિપેર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અહીં પાંચ ઓપરેશનલ લાઇન છે. ટ્રેનની અવરજવર ટૂંક સમયમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે. રેલવે માર્ગ પર કોઈપણ વિક્ષેપને ઓછો કરવા માટે અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ મુકેશ કુમારે જણાવ્યું હતું કે, 'માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી.

---

### કંપનીને સપ્લાય ઓર્ડર પણ આપી દેવાયો

## તિરુપતિમાં હવે નંદીની ઘીમાંથી બનશે લાડુ

। (એજન્સી) આંધ્ર પ્રદેશ, તા.૨૪ ।

તિરુપતિ મંદિરના લાડુમાં જાનવરની ચરબી અને અન્ય ભેળસેળ વસ્તુઓથી બબાલ મચી ગઈ છે. આંધ્રપ્રદેશની ચંદ્રબાબુ નાયડુ સરકારે હવે ખુબ આ લેબ રિપોર્ટ સાર્વજનિક કર્યો છે. જેમાં તિરુપતિના લાડુમાં ભેળસેળની પુષ્ટિ કરી છે.

સરકારે લાડુના ઘીના સપ્લાય કરવા માટે કંપની બદલી છે. જૂની કંપનીને બ્લેકલિસ્ટ કરવાના પણ સમાચાર છે. હવે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ લાડુ બનાવવા માટે નંદિની બ્રાન્ડની ઘીનો ઉપયોગ કરશે. કંપનીને સપ્લાય ઓર્ડર પણ આપી દીધો છે. ઉત્તર ભારતમાં જેવી રીતે અમૂલ કે મધર ડેરી મશહુર છે તેવી રીતે દક્ષિણ ભારતમાં દરેક ઘરમાં નંદિની ફેમસ છે. નંદિની કર્ણાટકની સૌથી મોટી બ્રાન્ડ છે. આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર અને ગોવામાં પણ ફેમસ છે. નંદિની બ્રાન્ડના માલિકના હક કર્ણાટક કો ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ ફેડરેશન લિમિટેડ પાસે છે. વિવાદ વચ્ચે મંદિરને શુદ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં શુદ્ધિકરણ માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી.



## ન્યૂઝ બ્રિફ

### ભાવનગરમાં હીરાદલાલની હત્યા કરીને બાબરા પાસે મૃતદેહ સળગાવી દીધો

। (એજન્સી) ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરમાં રહેતા અને હીરાની દલાલીનું કામ કરતા આધેડની ભાવનગર જિલ્લામાં હત્યા કરી નખાઈ હતી. એ પછી આરોપીઓએ છેક ૧૦૦ કિલોમીટર દૂર જઈને બાબરા નજીક લાશને સળગાવવાની કોશિશ કરી હતી. જો કે આ બાબત જી.આર.ડી. જવાનોને ધ્યાને આવતા જાણ કરતા અમરેલી પોલીસે પહોંચીને ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. આ ત્રણેયનો કબજો ભાવનગર પોલીસને સોંપાતા, પોલીસે ત્રણેય સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામ પાસે ફરજ બજાવતા જી.આર.ડી. જવાનોને એક શંકાસ્પદ કાર નજરે પડતા પેટ્રોલીંગમાં રહેતી અમરેલી પોલીસની ટીમને જાણ કરી હતી. એ પછી પોલીસની ટીમના સભ્યો કૃષ્ણનગરથી દેવળીયા જવાના કાચા માર્ગ પર પહોંચ્યા હતા. જ્યાં ફોર્ડ કંપનીની એક કાર શંકાસ્પદ મળી આવી હતી અને તેમાંથી ત્રણ યુવકો હતા. પોલીસે તપાસ કરતા એક વ્યકિતની લાશ સળગતી હોવાનું સામે આવ્યું હતું. આથી પોલીસે ત્રણેયની પૂછપરછ કકરતા જાણવા મળ્યુ હતુ કે ગઈકાલે હીરા બજારમાં દલાલી કરતા ધીરુભાઈ રાઠોડને જ્વેલર્સ સર્કલ પાસેથી અજાણ્યા શખ્સો સાથે બેસાડી તળાજા હીરાના કામે લઈ ગયા હતા. જ્યાં તેનું ખૂન કરી નાખવામાં આવ્યું હતું. ત્યારબાદ બાબરાથી તેમની લાશ મળી આવી છે. ધીરુભાઈ રાઠોડ હાદાનગરના રહેવાસી હતા.

### રાજકોટનાં ઢોર ડબ્બામાં 3 મહીનામાં ૭૫૬ પશુઓનાં મોત

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટના ઢોર ડબ્બામાં ૩ મહિનામાં જ ૭૫૬ પશુનાં મોત થયાનું કોર્પોરેશન દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. ઢોર ડબ્બાના હૃદયદ્રાવક દ્રશ્યો પણ સામે આવ્યાં છે. જેમાં વાછરડીઓ ભૂખના કારણે વાયરો ખાય રહી છે. ગૌમાતાના ભૂખ અને ઠંડીથી ઠુંઠવાઈને મોત નીપજ્યા હોવાથી તંત્રો અને વ્હોટ્સએપ પરના ગૌભક્તો સામે રોષ ઠાલવતા માલધારી આગેવાન અને કોંગ્રેસ ના રણજિત મુંધવાએ જણાવ્યું હતુ કે, ગાયો કેમ મોત ને ભેટી એ સવાલ સમગ્ર રાજકોટ કરી રહ્યું છે. ઢોર ડબ્બામાં એક પણ પ્રકાર ની કોઈ વ્યવસ્થા ન ઉભી ન કરવાના કારણે ગાયો ના મોત નીપજી રહ્યા છે. રાજકોટના ઢોર ડબ્બામાં ૩ મહિનામાં જ ૭૫૬ પશુનાં મોત થયાનું કોર્પોરેશન દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. ઢોર ડબ્બાના હૃદયદ્રાવક દ્રશ્યો પણ સામે આવ્યાં છે. જેમાં વાછરડીઓ ભૂખના કારણે વાયરો ખાય રહી છે. ગૌમાતાના ભૂખ અને ઠંડીથી ઠુંઠવાઈને મોત નીપજ્યા હોવાથી તંત્રો અને વ્હોટ્સએપ પરના ગૌભક્તો સામે રોષ ઠાલવતા માલધારી આગેવાન અને કોંગ્રેસ ના રણજિત મુંધવાએ જણાવ્યું હતું કે, શું વડાપ્રધાનના ઘરે ગાય આવે તો જ માતા છે? મોદીના ઘરમાં ગાય માતાનું આગમન થતા વોટ્સએપ ગૌપ્રેમીઓ દ્વારા તેનું સ્ટેટસ મૂકવામાં આવ્યું હતું. પરંતુ હકીકતમાં થતાં ગાય માતાનાં મોત માટે તેઓ ચૂપ કેમ છે? ત્યારે આ મામલે સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું કે ભાદરવા મહિનામાં માંદી ગાયો મોત નીપજયાં છે. જેના કારણે ઢોર ડબ્બા ના એજેન્સી ને બોલાવવા ના છે. ઢોર ડબ્બામાં ગાયો ના મોત પાછળ જે કોઈ જવાબદાર હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. જયમીન ઠાકર, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાવોટ્સએપ ગૌપ્રેમીઓ દ્વારા તેનું સ્ટેટસ મૂકવામાં આવ્યું હતું. પરંતુ હકીકતમાં થતાં ગાય માતાનાં મોત માટે તેઓ ચૂપ કેમ છે? ત્યારે આ મામલે સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું કે ભાદરવા મહિનામાં માંદી ગાયો મોત નીપજયાં છે.

## ગુજરાત હાઈકોર્ટનો આદેશ

# પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના અમલ માટે મોનિટરિંગ કમિટી અંગે સરકાર જવાબ આપે

### હાઈકોર્ટે શહેરમાં એકત્ર કરવામાં આવતા પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરતા ત્રણ ઓપરેટરોની સંલગ્ન પ્રક્રિયા અંગેના દસ્તાવેજો મંગાવ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગિરનાર પર્વત પર પ્લાસ્ટિકના પ્રદૂષણ સહિતના મુદે થયેલી જાહેરહિતની અરજીના મામલે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક આદેશ જાહેર કર્યો છે. જેમાં નોંધ્યું છે કે,'સંબંધિત એકમો જે રીતે સંબંધિત નિયમો હેઠળ જરૂરી પરવાનગીઓ વિના કામ કરી રહ્યા હતા, તે સ્પષ્ટ કરે છે કે શહેર મ્યુનિસિપલ કમિશનર કોર્પોરેશનના વડા તરીકે તેમની જવાબદારી પ્રત્યે બેધ્યાન હતા.' એટલું જ નહીં હાઈકોર્ટની ખંડપીઠે અગાઉના આદેશને ફરીથી ટાંકતા રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે,'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના અસરકારક અમલ માટે રાજ્ય સરકારને રાજ્ય કક્ષાની મોનિટરિંગ કમિટીનું ગઠન કરવાનું કહેવામાં આવ્યું હતું. જે માટે એડવોકેટ જનરલ દ્વારા જવાબ આપવામાં આવે અને આગામી સુનાવણી સુધીમાં એડિશનલ ચીફ સેક્રેટરીનું સોગંદનામું કરવામાં આવે.' આ કેસની વધુ સુનાવણી ૧લી ઓક્ટોબરે મુકરર કરાઈ છે. કોર્ટે આદેશમાં નોંધ્યું છે કે, GPCBના ઈન્સ્પેક્શનના અહેવાલો અને કોર્પોરેશનના વાર્ષિક અહેવાલોમાં આપવામાં આવેલી વિગતો દર્શાવે છે કે બંને સત્તાવાળાઓ (નિગમ અને GPCB) પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૧૬ની જોગવાઈઓની સંપૂર્ણ અવગણના કરી છે. પ્લાસ્ટિક કચરાના અલગીકરણ, સંગ્રહ, સંગ્રહ, પરિવહન, પ્રક્રિયા અને નિકાલ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે નિયમ ૬ હેઠળ સ્થાનિક સંસ્થાની જવાબદારી ફિક્સ કરવામાં આવેલી છે. સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાની રીતે અને ખાનગી ઓપરેટરોની સંલગ્નતા દ્વારા બનાવવામાં આવેલી ત્રણ સુવિધાઓમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જોગવાઈઓનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.' કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, જીપીસીબીના રિપોર્ટમાં જે ચોંકાવનારી હકીકતો રેકોર્ડ પર આવી છે, તે સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જરૂરિયાતથી અજાણ હતા.' હાઈકોર્ટે શહેરમાં એકત્ર કરવામાં આવતા પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરતા ત્રણ ઓપરેટરોની સંલગ્ન પ્રક્રિયા અંગેના દસ્તાવેજો મંગાવ્યા હતા. તે આગળ ઓપરેટરોને કોન્ટ્રાક્ટ આપવા સંબંધિત સમગ્ર મૂળ રેકોર્ડની માગણી કરે છે. કોર્ટે મ્યુનિસિપલ કમિશનરની એફિડેવિટ સાથે કોન્ટ્રાક્ટર અને સિટી કોર્પોરેશન દ્વારા નિયમો અનુસાર રજૂ કરેલા વાર્ષિક અહેવાલો મંગાવ્યા છે. કોર્ટે તેના ૧૭મી સપ્ટેમ્બરના આદેશમાં GPCBની રજૂઆતની નોંધ લીધી હતી.

### સુરતમાં ડેન્ગ્યુનો વધતો જતો વ્યાપ: એકનું મોત

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતમાં રોગચાળાની સાથે સુરતમાં મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. આજે ડેન્ગ્યુના કારણે એક દર્દીનું મોત થયું છે. આ સાથે સુરતમાં મૃત્યુઆંક ૯ પર પહોંચ્યો છે. ૨૫ વર્ષના આત્માભાઈને શનિવારે ઉલ્ટી થઈ હતી. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેમનો રિપોર્ટ ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યો હતો. તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સુરતમાં રોગચાળો વકર્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં સવારથી દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. દર્દીઓને કલાકો સુધી કતારોમાં ઉભા રહેવાની ફરજ પડી રહી છે. સ્વચ્છ શહેરનું બિરુદ હાંસલ કરનાર સુરત શહેરમાં શરદી, ઉધરસ અને તાવના કેસોમાં ભારે વધારો જોવા મળ્યો છે. જેનાં કિસ્સા નાના બાળકોમાં વધુ જોવા મળે છે. બે મહિનામાં તાવના ૧૬ હજાર શંકાસ્પદ કેસ નોંધાયા છે.

## ચિંતામાં આવી ગયેલી મહિલાએ ગળાફાંસો ખાધો

# વેરાવળમાં પાલિકાએ મકાન પાડવાની નોટિસ આપતાં મહિલાનો આપઘાત

### શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો

। (એજન્સી) વેરાવળ, તા.૨૪ ।

વેરાવળ નગરપાલિકાએ મકાન પાડી નાખવાની નોટિસ આપતા ચિંતામાં સરી પડેલી મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે તંત્ર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, આ આપઘાત નહીં પણ સિસ્ટમે કરેલું મર્ડર છે. વેરાવળ સરકારી હોસ્પિટલ નજીક મફતીયાપરા વિસ્તારમાં રહેતા માયાબેન રામપદ સરકાર (ઉ.૪૨)એ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે તપાસ કરાતા એવું સામે આવ્યું હતું કે, વેરાવળમાં સિવિલ હોસ્પિટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અન અધિકૃત દબાણ થયેલા છે. તેને દૂર કરવા ત્રણેક દિવસ પહેલાં પાલીકા તંત્ર દ્વારા અંદાજે ૭૦ લોકોને દબાણો દૂર કરવા નોટિસો પાઠવવામાં આવી હતી. જેમાં ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં મકાન ખાલી કરવાની મુદત આપવામાં આવી હતી. જો આમ નહિ થાય તો તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની ચીમકી પણ અપાઈ હતી.જેના પગલે ડીપ્રેશનમાં આવી ગયેલા મહિલાએ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૃતક મહિલાની બેન વનિતાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ત્રણેક દિવસ પહેલાં મકાન પાડી દેવા માટે મળેલી નોટિસથી માયાબેન ડીપ્રેશનમાં આવી ગયા હતા. ગતરાત્રિના અમો અમારા સંબંધીને ત્યાં ગયેલા તે સમયે તેઓ ઘરમાં એકલા હોવાથી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

### ભુજના કુકમા ગામે તલાટી બે લાખની લાંચ લેતાં ઝડપાયો

। (એજન્સી) ભૂજ, તા.૨૪ ।

ગ્રામ પંચાયતના ચોપડે મકાનની આકારણી દાખલ કરવાની અવેજમાં ચાર લાખ રૂપિયાની લાંચ માંગી એડવાન્સમાં બે લાખ રૂપિયા લેતા ભુજના કુકમા ગ્રામ પંચાયતનો તલાટી અને પંચાયત સદસ્ય વચેટિયા મારફતે લાંચ લેતાં ઝડપાઈ ગયાં છે. એસીબીએ કરેલી ટ્રેપના પગલે ભારે ચકચાર મચી ગઈ છે. એસીબીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદીએ કુકમા જૂથ ગ્રામ પંચાયતના તલાટી વાઘસિંહ તેજસિંહ વાઘેલા (વર્ગ-૦૩) અને અને પંચાયતના સદસ્ય ઉત્તમ શિવલાલ રાઠોડનો આકારણી સંદર્ભે સંપર્ક કર્યો હતો. બેઉ જણે ચાર લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. ચાર લાખમાંથી પચાસ ટકા એટલે કે બે લાખ રોકડાં રૂપિયા એડવાન્સમાં આપવા જણાવેલું. આ અંગે ફરિયાદીએ ભુજ એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં એસીબીએ આજે છટકું ગોઠવ્યું હતું.

### સરકારે શિષ્યવૃત્તિના નિયમમાં કર્યો ફેરફાર, રેશનિંગ કાર્ડને કર્યું છે લિંક

#### સરકારના વિવિધ વિભાગોએ રાશન કાર્ડ ડેટાબેઝમાં તમામ વિદ્યાર્થીઓના આધાર આધારિત બાયોમેટ્રિક ઇ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડ્યો છે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૪ ।

વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ મળે તે માટે શિષ્યવૃત્તિના નિયમોમાં ફેરફારથી વિદ્યાર્થીઓ અને વાલીઓની મુશ્કેલીઓ વધી છે. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના બેંક ખાતા, જાતિ સહિતની તમામ વિગતો ઉપલબ્ધ હોવા છતાં સરકારે હવે શિષ્યવૃત્તિ સાથે રેશનકાર્ડ લિંક કરવાની નવી સિસ્ટમ અમલમાં મૂકી છે.

પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરને પણ પત્ર લખીને પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિ અંગેના નિયમો હળવા કરવાની દરખાસ્ત કરી છે. ઓનલાઈન પ્રક્રિયામાં રેશનકાર્ડ નંબર દૂર કરીને પ્રક્રિયાને સરળ બનાવવા રજૂઆત કરાઈ છે. શું છે નવો ફતવો? સરકારના વિવિધ વિભાગોએ રાશન કાર્ડ ડેટાબેઝમાં તમામ વિદ્યાર્થીઓના આધાર આધારિત બાયોમેટ્રિક ઈ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડ્યો છે.

હવે રેશનકાર્ડને વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અને બેંક ખાતા સાથે લિંક કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ કચેરીએ પણ શાળાઓના આચાર્યોને પરિપત્ર જાહેર કર્યો છે. જે વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં નથી તેવા વિદ્યાર્થીઓના નામો બનાવીને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણ કચેરીમાં જમા કરાવવા અને વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં ઉમેરવા જણાવાયું છે. આમ જે વિદ્યાર્થીઓ પાસે રેશનકાર્ડ નથી તેઓએ નવું રેશનકાર્ડ બનાવવું પડશે. જો કે, જો આ બધી પ્રક્રિયાઓ પૂર્ણ થઈ નથી, તો શિષ્યવૃત્તિ આપવામાં આવશે નહીં.

પ્રાથમિક શિક્ષણ સંઘે પ્રક્રિયાને સરળ બનાવવાની દરખાસ્ત કરી હતી. પરંતુ શિક્ષણ મંત્રીને સુપ્રત કરવા છતાં શિષ્યવૃતિ સહાયની પ્રક્રિયા સરળ કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓ અને વાલીઓ શિષ્યવૃત્તિ સહાય પ્રક્રિયાને સરળ ન બનાવતા કંટાળી ગયા છે. શિષ્યવૃત્તિ સહાય પ્રક્રિયાથી કંટાળીને, એક વિદ્યાર્થીએ આખરે શિષ્યવૃત્તિ લેવાની ના પાડી દીધી છે. સ્કોલરશીપ લેવાનો ઈન્કાર કરતા આચાર્ય અને વર્ગ શિક્ષકને પત્ર લખવામાં લખ્યો છે.

## પરિક્ષણના કિસ્સામાં ફીનું ધોરણ વખતો વખત નક્કી કરવામાં આવે છે

# વિજ્ઞાન પ્રયોગશાળામાં નમૂનાઓના પૃથ્થકરણ અને તાલીમ માટેની ફીમાં ૧૦ ટકાનો થયો વધારો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગૃહ વિભાગ હસ્તકની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વિવિધ નમૂનાઓનું પૃથ્થકરણ તેમજ તાલીમ માટેની ફીના નવા ધોરણો જાહેર કરવામાં આવ્યા છે. નિયમોનુસાર દર બે વર્ષે નમૂનાઓના પૃથ્થકરણ અને તાલીમ માટેની ફીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવે છે. આ નવા દરો તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૪થી અમલી થયા છે, તેમ ગૃહ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી તેમજ અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી, પૃથ્થકરણ તથા ફોરેન્સિક સાયકોલોજી જૂથમાં આવતા બ્રેઈન ફિંગર પ્રિન્ટિંગ અને નાર્કો પરિક્ષણના કિસ્સામાં ફીનું ધોરણ વખતો વખત નક્કી કરવામાં આવે છે.

૧૦ ટકા વધારા સાથેના પરીક્ષણ ફીના નવા દરો નીચે મુજબ છે:

૧. ટોક્સિકોલોજી પરીક્ષણો - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૨. સિરોલોજીકલ/બાયોલોજીકલ પરીક્ષણો નમૂના દીઠ - રૂ. ૮,૦૫૨/- ૩. બેલેસ્ટિક પરીક્ષણો - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૪. બ્લડ આલ્કોહોલ પરીક્ષણો - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૫. ફિઝિક્સ અને કેમિકલ પરીક્ષણો - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૬. વોઈસ આઈડેન્ટીફીકેશન - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૭. ડી.એન.એ. - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- ૮. સાઈબર ક્રાઈમ - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- ૯. ફોરેન્સિક ફોટોગ્રાફી - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/- ૧૦. ફોરેન્સિક સાયકોલોજી

(૧) બ્રેઈન ફિંગરપ્રિન્ટ - નમૂના દીઠ રૂ. ૮૦,૫૨૫/- (૨) નારકો એનાલિસિસ - નમૂના દીઠ રૂ. ૮૦,૫૨૫/- (૩) પોલીગ્રાફી - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- (૪) હિપ્રોસીસ - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- (૫) સાયકોલોજીકલ પ્રોફાઈલીંગ - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- (૬) સસ્પેક્ટ ડીટેકશન - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/- (૭) લેયર્ડ વોઈસ એનાલિસિસ - નમૂના દીઠ રૂ. ૧૬,૧૦૫/-

૧૧. નાગરિક પુરવઠા સહિતના (ગૃહ વિભાગ હસ્તક સિવાયના) તમામ સરકારી/અર્ધસરકારી વિભાગો તરફથી આવતા નમૂનાઓની ચકાસણી બાબતે ફીનો દર - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/-

૧૨. ગૃહ વિભાગ હસ્તક સિવાયની તમામ સરકારી/અર્ધસરકારી કચેરી માટે સ્થળ મુલાકાત લઈ તાંત્રિક અભિપ્રાય આપવાના કિસ્સાઓ માટે મુલાકાત દીઠ દર - નમૂના દીઠ રૂ. ૮,૦૫૨/-

૧૩. નારકો એનાલિસિસ, બ્રેઈન ફિંગરપ્રિન્ટીંગના અગ્રીમતાના કેસોની ફી - નમૂના દીઠ રૂ. ૧,૬૧,૦૫૧/-

૧૪. સરકાર પક્ષકાર ન હોય તેવી ખાનગી વ્યક્તિઓ/આરોપીઓ દ્વારા કેસોની તપાસ - નમૂના દીઠ રૂ. ૮૦,૫૨૫/-

## પાડોશી પર પણ વિશ્વાસ કરવાનો જમાનો નથી રહ્યો

# અંકલેશ્વરમાં ૧૦ માહની બાળકી બની પાડોશીની હવસનો શિકાર

। (એજન્સી) ભરૂચ, તા.૨૪ ।

હવે તો જાણે પાડોશી પર પણ વિશ્વાસ કરવાનો જમાનો નથી રહ્યો. લોકો નાના બાળકોને પણ નથી મુકતા. ઘરના આંગણામાં રમતી બાળકી સાથે પાડોશીએ શારીરિક અડપલાં કર્યાની ઘટના સામે આવી છે. પાનોલીમાં ઘરના આંગણામાં રમતી ૧૦ માસની બાળકી પડોશીની હવસનો શિકાર બની હતી. પાડોશીએ યુવતીને માર માર્યો અને તેના પર બળાત્કારનો પ્રયાસ કર્યો. યુવતીને પ્રાઈવેટ પાર્ટ પર ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે યુવતીને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ અંગે પાનોલી પોલીસે ગુનો નોંધી બળાત્કારી પાડોશીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. માત્ર દસ માસની બાળકી સાથે શારીરિક સંબંધ બાંધવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. આ મામલે પાનોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. એસપી ડો.રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે બાળકીનો મૃતદેહ ૧૯મીએ મળ્યો હતો. જે સંદર્ભે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસની ટીમોએ બાળકીનું શ્વાસ રૂંધાવાથી મોત થયાની તપાસ શરૂ કરી હતી. શાળાએ જઈને વિવિધ બાળકો અને અન્ય લોકોની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આ બાળકી તે દિવસે શાળામાં હાજર નહોતી. જેથી ઉંડી તપાસ કરતાં પ્રિન્સિપાલે બાળકીને શાળાએ લઈ જવા કારમાં બેસાડી હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, રસ્તામાં તેણે તેની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો.

# ભારતના રાષ્ટ્રપતિએ ૧૬મી એશિયન ઓર્ગેનાઈઝેશન ઓફ સુપ્રીમ ઓડિટ ઈન્સ્ટિટ્યુશન એસેમ્બલીના ઉદ્દઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪) નવી દિલ્હીમાં ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) દ્વારા આયોજિત ૧૬મી એશિયન ઓર્ગેનાઈઝેશન ઑફ સુપ્રીમ ઑડિટ ઈન્સ્ટિટ્યુશન (ASOSAI) એસેમ્બલીના ઉદઘાટન સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારતના CAG દેશના જાહેર નાણાંકીય બાબતોમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતીય બંધારણે CAGની કચેરીને વ્યાપક સત્તાઓ અને સંપૂર્ણ સ્વાયત્તતા પ્રદાન કરી છે તે કારણ વગર નહોતું. તેમણે એ જાણીને ખુશી થઈ હતી કે કેગનું કાર્યાલય બંધારણ ઘડનારાઓની અપેક્ષાઓ પર ખરું ઉતર્યું છે. તે નૈતિક અને નૈતિક આચરણની કડક સંહિતાનું પાલન કરે છે જે તેની કામગીરીમાં ઉચ્ચતમ સ્તરની અખંડિતતાની ખાતરી આપે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે જાહેર ક્ષેત્રના ઓડિટનો આદેશ પરંપરાગત ઓડિટની બહાર વિસ્તર્યો છે જેમાં જાહેર કલ્યાણ યોજનાઓ અને પ્રોજેક્ટ્સની અસરકારકતાના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, તે સુનિશ્ચિત કરે છે કે તે તમામ નાગરિકોને સમાન રીતે સેવા આપે છે. તેમણે જણાવ્યું હતું કે વધુને વધુ ટેક્નોલોજી આધારિત વિશ્વમાં, ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુને વધુ જાહેર સેવાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેથી ઓડિટને પોતાના નિરીક્ષણ કાર્યોને અસરકારક રીતે કરવા માટે સક્ષમ થવા માટે તકનીકી ઉત્ક્રાંતિ સાથે ચાલુ રાખવાની જરૂર છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે આપણે એવા નિર્ણાયક તબક્કે છીએ જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, મશીન લર્નિંગ અને જિયોસ્પેશિયલ ટેક્નોલોજી જેવી ઉભરતી ડિજિટલ તકનીકો આધુનિક શાસનની કરોડરજ્જુ બની રહી છે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) ડિજિટલ અર્થતંત્ર અને નાગરિકોને પૂરી પાડવામાં આવતી સેવાઓની કામગીરીને સમર્થન અને વધારવા માટેના પાયા તરીકે કામ કરે છે. ડિજિટલ ઓળખથી લઈને ઈ-ગવર્નન્સ પ્લેટફોર્મ સુધી, DPI પાસે જાહેર સેવાઓ અને માલસામાનની ડિલિવરીમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા છે, જે તેમને વધુ સુલભ, કાર્યક્ષમ અને સમાવિષ્ટ બનાવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વના ઘણા ભાગોમાં મહિલાઓ અને સમાજના નબળા વર્ગો પાસે ડિજિટલ ટેક્નોલોજીની ઓછી પહોંચ છે, ડિજિટલ કૌશલ્યો વિકસાવવાની ઓછી તકો છે અને ડિજિટલ અર્થતંત્રમાં તેમનું પ્રતિનિધિત્વ ઓછું છે. આ વિભાજન માત્ર આવશ્યક સેવાઓને ઍક્સેસ કરવાની તેમની ક્ષમતાને મર્યાદિત કરતું નથી પરંતુ અસમાનતાને પણ કાયમી બનાવે છે. ત્યારે અહીં જ સુપ્રીમ ઓડિટ સંસ્થાઓ (SAIs) ની ભૂમિકા નિર્ણાયક બની જાય છે. ઓડિટર તરીકે, તેમની પાસે એ સુનિશ્ચિત કરવાની અનન્ય જવાબદારી અને તક છે કે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવી રીતે ડિઝાઈન અને અમલમાં મૂકવામાં આવ્યું છે કે જે સર્વસમાવેશક અને સુલભ હોય. રાષ્ટ્રપતિએ કહ્યું કે નાણાકીય વિશ્વ ઘણીવાર અપારદર્શક એકાઉન્ટિંગ પ્રથાઓથી ઘેરાયેલું હોય છે. આ સ્થિતિમાં, સ્વતંત્ર સર્વોચ્ચ ઓડિટ સંસ્થાઓની ભૂમિકા એ જોવાની છે કે જાહેર સંસાધનોનું સંચાલન કાર્યક્ષમ, અસરકારક રીતે અને અત્યંત અખંડિતતા સાથે થાય છે. SAIs દ્વારા ઓડિટ અને મૂલ્યાંકન માત્ર જાહેર ભંડોળની જ સુરક્ષા કરતા નથી પરંતુ શાસનમાં લોકોનો વિશ્વાસ પણ વધારે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે CAG ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાનો પબ્લિક ઑડિટનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે SAI ઈન્ડિયા, ૧૬મા ASOSAI કોક્લેવના યજમાન તરીકે, કોક્લેવમાં એકત્ર થયેલા વિદ્વાનોની ચર્ચામાં ઘણું બધું પ્રદાન કરશે. તેમણે ૨૦૨૪થી ૨૦૨૭ના સમયગાળા માટે ASOSAIનું અધ્યક્ષપદ સંભાળવા બદલ SAI ઈન્ડિયાને અભિનંદન પાઠવ્યા હતા.

### ૨૦ કરોડની કોર્પોરેટ લોન સંબંધિત કેસ

# અનિલના પુત્રને SEBIએ ફટકાર્યો રૂ.૧ કરોડનો દંડ

## ૪૫ દિવસમાં દંડ જમા કરાવવાનો રહેશે

। (એજન્સી) મુંબઈ,તા.૨૪ ।

એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીને ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ રિલાયન્સ હોમ ફાઈનાન્સ સંબંધિત કોર્પોરેટ લોનના મામલામાં આ કાર્યવાહી કરી છે. માત્ર અનમોલ અંબાણી જ નહીં પરંતુ માર્કેટ રેગ્યુલેટરે રિલાયન્સ હોમ ફાઈનાન્સના ચીફ રિસ્ક ઓફિસર પર દંડ ફટકાર્યો છે. ઈન્ડિયા ટુડે પર પ્રકાશિત અહેવાલ મુજબ, ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) એ સોમવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીને રિલાયન્સ હોમ ફાઈનાન્સ કેસમાં મોટો દંડ ફટકાર્યો છે.

સેબીએ જણાવ્યું છે કે રિલાયન્સ હોમ ફાઈનાન્સના બોર્ડમાં ફરજ બજાવતા અનમોલ અંબાણીએ કંપનીના બોર્ડ તરફથી આવી લોન મંજૂરીઓ રોકવા માટે સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં કોર્પોરેટ લોનને મંજૂરી આપી હતી. માર્કેટ રેગ્યુલેટર અનુસાર, તે પ્રકાશમાં આવ્યું છે કે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, અનમોલ અંબાણીએ એક્યુરા પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડને ૨૦ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી હતી. સેબીએ કહ્યું છે કે રિલાયન્સ હોમ ફાઈનાન્સની કોર્પોરેટ લોન સંબંધિત આ મામલે અનમોલ અંબાણીએ નિયમોનું પાલન કર્યું નથી અને તેથી જ તેમના પર ૧ કરોડ




રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે રેગ્યુલેટરે એમ પણ કહ્યું કે આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવી નથી. ખાસ વાત એ છે કે આ લોનને અનમોલ અંબાણીએ એવા સમયે મંજૂરી આપી હતી, જ્યારે માત્ર ત્રણ દિવસ પહેલા એટલે કે ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ રિલાયન્સ હોમ ફાઈનાન્સના બોર્ડે તેની બેઠકમાં મેનેજમેન્ટને GPCL લોન ન આપવાનો નિર્દેશ આપ્યો હતો. માર્કેટ રેગ્યુલેટર સેબીએ અનમોલ અંબાણી અને રિલાયન્સ હાઉસિંગ ફાયનાન્સના ચીફ રિસ્ક ઓફિસર કૃષ્ણન ગોપાલક્રિષ્નન પર ૧૫ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. રિપોર્ટ અનુસાર, સેબીની સત્તાવાર નોટિસમાં કહેવામાં આવ્યું છે કે અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણી અને કૃષ્ણન ગોપાલકૃષ્ણન બંનેને ૪૫ દિવસની અંદર પોતપોતાના દંડની ચુકવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### DyCMનો પલટવાર

# તિરુપતિ પ્રસાદ ભેળસેળ વિવાદ પર પવન કલ્યાણ અને પ્રકાશ રાજ આમને-સામને

## પ્રકાશ રાજે તિરુપતિ પ્રસાદ કેસમાં ૧૧ દિવસનું 'પ્રાયશ્ચિત' કરી રહેલા નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ પર કરી હતી ટિપ્પણી

। (એજન્સી) આંધ્ર પ્રદેશ,તા.૨૪ ।

તિરુપતિ મંદિરના પ્રસાદમાં ભેળસેળને લઈને બે દિગ્ગજ કલાકારો આમને-સામને આવ્યા છે. હકીકતમાં, પીઢ કલાકાર પ્રકાશ રાજે તિરુપતિ મંદિર પ્રસાદ કેસમાં ૧૧ દિવસનું 'પ્રાયશ્ચિત' કરી રહેલા નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ પર ટિપ્પણી કરી હતી. પ્રકાશ રાજે કહ્યું છે કે, "નાયબ મુખ્યમંત્રી અને અભિનેતા પવન કલ્યાણ આ મામલાને સેંસેશનલ બનાવી રહ્યા છે." જેના પર પવન કલ્યાણે કહ્યું છે કે, તે સનાતન ધર્મને લઈને ખૂબ જ ગંભીર છેઅભિનેતા પ્રકાશ રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વિટ કરીને લખ્યું હતું કે, "પ્રિય પવન કલ્યાણ, આ તે રાજ્યમાં બન્યું છે જ્યાં તમે નાયબ મુખ્યમંત્રી છો. કૃપા કરીને તપાસ કરો, દોષિતોને શોધી કાઢો અને



કડક પગલાં લો. તમે તેને સેંસેશનલ કેમ બનાવવા માંગો છો દેશમાં પહેલેથી જ ઘણો સાંપ્રદાયિક તણાવ છે.પવન કલ્યાણે પ્રકાશ રાજના આ નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, "મારે આ બાબતો પર કેમ ન બોલવું જોઈએ? પ્રકાશ રાજ, હું તમારો આદર કરું છું, અને જ્યારે ધર્મનિરપેક્ષતાની વાત આવે ત્યારે તે પરસ્પર હોવું જોઈએ. મને સમજાતું નથી કે તમે શા માટે મારી ટીકા કરી રહ્યા છો? શું હું તેના વિશે બોલી શકતો પન નથી. સનાતન ધર્મ પરના હુમલાથી આ પાઠ શીખવો જોઈએ.નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, "મારા માટે સનાતન ધર્મ સૌથી મહત્ત્વપૂર્ણ છે અને દરેક હિન્દુએ આ મામલે જવાબદારી લેવી જોઈએ." તેમના ભાષણને સમાપ્ત કરતા પવન કલ્યાણે કહ્યું કે, 'જો અન્ય કોઈ ધર્મમાં આવું થયું હોત તો એક વિશાળ આંદોલન બની ગયું હોત. 'ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા પવન કલ્યાણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તર પર 'સનાતન ધર્મ રક્ષા બોર્ડ' બનાવવાનો સમય આવી ગયો છે. નાયબ મુખ્ય પ્રધાને ટ્વિટર પર પોસ્ટ કર્યું હતું કે, "તિરુપતિ બાલાજી પ્રસાદમાં પ્રાણીની ચરબી (માછલીનું તેલ, ડુક્કરની ચરબી અને ભેંસની ચરબી)ની ભેળસેળના તારણોથી અમે બધા ખૂબ જ પરેશાન છીએ."

# સીએમ બન્યા પછી હનુમાન મંદિર પહોંચ્યા આતિશી, કેજરીવાલ માટે કરી પ્રાર્થના

## કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત આતિશી કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા અને દર્શન કર્યા, તેમણે X પર ત્યાંની તસવીરો શેર કરી



।(એજન્સી) નવી દિલ્હી,તા.૨૪।

દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી મંગળવારે કષ્ટભંજન હનુમાનજીની શરણમાં પહોંચ્યા હતા. કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત આતિશી કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા અને દર્શન કર્યા. તેમણે X પર ત્યાંની તસવીરો શેર કરી હતી. તેમણે કેપ્શનમાં લખ્યું કે, કનોટ પ્લેસ સ્થિત પ્રાચીન હનુમાન મંદિરમાં હનુમાનજીના આશીર્વાદ લીધા. સંકટ મોચનને મારી એક જ પ્રાર્થના છે કે તેમના આશીર્વાદ હંમેશા આપણા બધાની સાથે રહે, અમે દિલ્હીના લોકો માટે કામ કરતા રહીએ અને આવનારી ચૂંટણીઓ પછી કેજરીવાલ ફરી એકવાર મુખ્યમંત્રી બને. આ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે તેમણે ભગવાન પાસે શું માંગ્યું? ત્યારે મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે આજે મેં કનોટ પ્લેસના આ પ્રાચીન હનુમાન મંદિરમાં દર્શન કર્યા હતા, છેલ્લા ૨ વર્ષમાં આમ આદમી પાર્ટી પર, દિલ્હી સરકાર પર તમામ પ્રકારના હુમલા થયા હતા , દુશ્મનોએ અમારા નેતા અરવિંદ કેજરીવાલ જીને અને અમને દબાવવાની, અમને ચૂપ કરવાની કોશિશ કરી, પરંતુ હનુમાનજીએ દરેક સંકટમાં આમ આદમી પાર્ટીનું રક્ષણ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે તેમણે અરવિંદ કેજરીવાલ જીની રક્ષા કરી છે, દિલ્હી સરકારની રક્ષા કરી છે અને દિલ્હીના લોકોની રક્ષા કરી છે, તેથી આજે મેં હનુમાનજી પાસેથી એક જ વસ્તુ માંગી છે કે હનુમાનજી હંમેશા તેમની કૃપા રાખે. તેમના આશીર્વાદ સાથે દિલ્હીની પ્રજા માટે કામ કરતા રહીએ અને તેમના આશીર્વાદ સાથે આવનારી ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બને. ૧૭ સપ્ટેમ્બરના રોજ અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. તે જ દિવસે, આતિશીને વિધાયક દળની બેઠકમાં ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિની મંજૂરી પછી, ૨૧ સપ્ટેમ્બરના રોજ, આતિશીએ ૫ કેબિનેટ મંત્રીઓ સાથે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આમ આદમી પાર્ટીના સૌથી મોટા અરવિંદ કેજરીવાલ હોય, મનીષ સિસોદિયા અને સંજય સિંહ, ખાસ પ્રસંગોએ કનોટ પ્લેસના આ પ્રાચીન હનુમાન મંદિરની મુલાકાત લેતા હોય છે.

### ભેળસેળ અંગે મુખ્યમંત્રીએ મંગળવારે મહત્વની બેઠક લીધી

# ઉત્તર પ્રદેશમાં ઢાબા અને રેસ્ટોરન્ટ સંચાલકો માટે નવા નિયમોની જાહેરાત

## આ ઉપરાંત, સંસ્થાઓમાં કામ કરતા દરેક કર્મચારીનું પોલીસ વેરિફિકેશન પણ થશે

। (એજન્સી) લખનૌ,તા.૨૪ ।

ઉત્તર પ્રદેશમાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ જણાશે તો રેસ્ટોરન્ટ અને ઢાબા સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ અંગે નિર્દેશ જાહેર કર્યા છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ અંગે મુખ્યમંત્રીએ મંગળવારે મહત્વની બેઠક લીધી હતી. આ દરમિયાન તેમણે અનેક સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે જ્યુસ, દાળ અને રોટલી જેવા ખાદ્ય પદાર્થોમાં માનવ કચરો ભેળવવો ઘૃણાજનક છે. આ બધું સ્વીકારવામાં આવશે નહીં. હવે આવા ઢાબા/રેસ્ટોરાં અને ખાણીપીણીની સંસ્થાઓની સઘન તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, સંસ્થાઓમાં કામ કરતા દરેક કર્મચારીનું પોલીસ વેરિફિકેશન પણ થશે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ખાદ્ય પદાર્થોની શુદ્ધતા સુનિશ્ચિત કરવા માટે ખાદ્ય સુરક્ષા અને માનક કાયદામાં જરૂરી સુધારા કરવા સૂચના આપી છે. જે મુજબ ફૂડ સેન્ટરો પર ઓપરેટર, પ્રોપ્રાઈટર, મેનેજર વગેરેનું નામ અને સરનામું દર્શાવવાનું ફરજિયાત રહેશે. હવે દરેક વ્યક્તિએ, તે રસોઈયા હોય કે વેઈટર, માસ્ક



અને ગ્લોવ્ઝ પહેરવા પડશે. આ ઉપરાંત હોટલ/રેસ્ટોરન્ટમાં સીસીટીવી લગાવવા પણ ફરજિયાત રહેશે. સૂચના અનુસાર, જો ગંદી વસ્તુઓ જેવી કે કચરો વગેરેમાં ભેળસેળ જોવા મળશે તો સંચાલક/માલિક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખાણીપીણીની સંસ્થાઓ જેવી કે ઢાબા/રેસ્ટોરન્ટ વગેરેની તપાસ કરવી જરૂરી છે. રાજ્યવ્યાપી સઘન ઝુંબેશ ચલાવીને, આ સંસ્થાઓના સંચાલકો સહિત ત્યાં કામ કરતા તમામ કર્મચારીઓની ચકાસણી કરવી જોઈએ. ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રની સંયુક્ત ટીમ દ્વારા આ કાર્યવાહી ઝડપથી પૂર્ણ થવી જોઈએ. ઓપરેટરો, માલિકો, મેનેજરો વગેરેના નામ અને સરનામા ખાવાની સંસ્થાઓ પર મુખ્ય રીતે દર્શાવવા જોઈએ. આ સંદર્ભે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટમાં પણ જરૂરી સુધારા કરવા જોઈએ. ખાણીપીણીની સંસ્થાઓ જેવી કે ઢાબા/હોટલો/રેસ્ટોરન્ટ વગેરેમાં ઝઝૂફની જોગવાઈ હોવી જોઈએ. માત્ર ગ્રાહકો માટે બેસવાની જગ્યાઓ જ નહીં પરંતુ સ્થાપનાના અન્ય ભાગો પણ સીસીટીવી દ્વારા આવરી લેવા જોઈએ. તે સુનિશ્ચિત કરવું જોઈએ કે દરેક સ્થાપના ઓપરેટર સીસીટીવી ફીડને સુરક્ષિત રાખશે અને જો જરૂરી હોય તો તે પોલીસ/સ્થાનિક વહીવટીતંત્રને ઉપલબ્ધ કરાવશે. ખોરાક કેન્દ્રો પર સ્વચ્છતા હોવી જોઈએ. ખાદ્યપદાર્થો બનાવતી વખતે અને પીરસતી વખતે સંબંધિત વ્યક્તિએ માસ્ક/ગ્લોવ્ઝનો ઉપયોગ કરવો જ જોઈએ તેની ખાતરી કરવી જોઈએ, આમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન હોવી જોઈએ. સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈપણ રીતે રમત ન થઈ શકે. આવા પ્રયાસો કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

# મેડિકલ એડમિશનમાં NRI કોટાના મુદ્દે પંજાબ સરકારને ફટકો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૪ ।

મેડિકલ એડમિશનમાં NRI ક્વોટાનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારના નોટિફિકેશનને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધું છે. આ સાથે NRIની વ્યાખ્યાને મનસ્વી રીતે બદલવાના પંજાબ સરકારના અભિયાનને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. પંજાબ સરકારની સૂચના પર નારાજગી વ્યક્ત કરતા કોર્ટે કહ્યું કે આ અન્ય ઉમેદવારો અને સ્પર્ધકો સાથે છેતરપિંડી છે. આ છેતરપિંડીનો અંત આવવો જોઈએ. સુપ્રીમ કોર્ટે પણ આ મામલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો હતો. પંજાબ સરકાર દ્વારા ૨૦ ઓગસ્ટે બહાર પાડવામાં આવેલ નોટિફિકેશનને હાઈકોર્ટે રદ્દ કરી દીધું હતું. પંજાબ સરકારે તેને પડકારવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. મેડિકલ એડમિશનમાં એનઆરઆઈ ક્વોટાનો વિસ્તાર કરતી વખતે પંજાબ સરકારે એનઆરઆઈના નજીકના સંબંધીઓને પણ લાયક ગણ્યા હતા. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના નોટિફિકેશનને ફગાવીને સખત નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે NRI ક્વોટા એક છેતરપિંડી છે.. અને હવે આ છેતરપિંડી બંધ થવી જોઈએ. CJIએ કહ્યું કે આપણે છેતરપિંડી ખતમ કરવી પડશે, હાઈકોર્ટનો આદેશ એકદમ યોગ્ય છે. રાજ્ય સરકારના આ નોટિફિકેશનના ઘાતક પરિણામો આવશે. સામાન્ય ઉમેદવારો કે જેમના માર્કસ NRII ક્વોટાના વિદ્યાર્થીઓ કરતાં ૩ ગણા વધુ હશે તેઓ સામાન્ય વિદ્યાર્થીઓની યાદીમાંથી બહાર રહેશે.સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આનો અમલ કરવાની સલાહ આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાયદાના અમુક સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ, અમે કાયદાના સિદ્ધાંતો નક્કી કરીશું. મેડિકલ પ્રવેશ માટે એનઆરઆઈ ક્વોટાની વ્યાખ્યાને વિસ્તૃત કરતી સૂચનાને રદ કરવાના પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.

# મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરના પ્રસાદનો એક વીડિયો સામે આવ્યો

। (એજન્સી) મુંબઈ ,તા.૨૪ ।

મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરના પ્રસાદનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં મંદિરના લાડુના પ્રસાદમાં ઉંદરોના બચ્ચા જોવા મળી રહ્યા છે, જે બાદ સિદ્ધિવિનાયક મંદિરના લાડુના પ્રસાદની સ્વચ્છતા અને સુરક્ષાને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. મામલો વધ્યા બાદ મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે મામલાની તપાસ કરવામાં આવશે, પરંતુ વીડિયો જોયા બાદ એવું નથી લાગતું કે મંદિરની અંદરના આ વીડિયો વિઝ્યુઅલ છે. મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે આ કોઈ અન્ય જગ્યાએથી વિઝ્યુઅલ હોઈ શકે છે અને ટ્રસ્ટને બદનામ કરવાનો પ્રયાસ થઈ શકે છે. વીડિયોમાં સ્થળ વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ મામલે ટ્રસ્ટ આજે પોતાનું વલણ સ્પષ્ટ કરશે. ટેમ્પલ ટ્રસ્ટના પ્રમુખ સદા સરવંકરે કહ્યું કે મીડિયામાં જે જગ્યા બતાવવામાં આવી છે તે મંદિર સંકુલનો ભાગ નથી. મંદિરમાં લાડુ બનાવવા માટે ૨૫ કર્મચારીઓ છે, જેઓ ચોવીસ કલાક શિફ્ટમાં કામ કરે છે. તેમણે કહ્યું, 'આવી અસ્વચ્છ સ્થિતિની કોઈ શક્યતા નથી. જ્યારે તિરુપતિ મંદિરમાં આવી જ ચિંતાઓ ઉભી કરવામાં આવી હતી, ત્યારે અમારા પરિસરનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને એવું જાણવા મળ્યું હતું કે તમામ સલામતી અને સ્વચ્છતા પ્રોટોકોલનું પાલન કરીને સંપૂર્ણ સ્વચ્છતા જાળવવામાં આવી હતી. અમે સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે મહત્તમ કાળજી લઈએ છીએ, ખાસ કરીને પ્રસાદ વિભાગમાં. સદા સર્વંકરે કહ્યું, 'આ અમારી પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો પ્રયાસ હોવાનું જણાય છે, ખાસ કરીને મંદિરના બ્યુટિફિકેશન પ્રોજેક્ટની જાહેરાત પછી. મંદિર તેના પ્રસાદમાં પ્રીમિયમ ઘી સહિત ઉચ્ચ ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરે છે. પાણીથી લઈને કાચા માલ સુધીના દરેક તત્વનું પ્રયોગશાળામાં ઉપયોગ કરતા પહેલા પરીક્ષણ કરવામાં આવે છે. ત્રણ સરકારી અધિકારીઓ કડક ધોરણો જાળવવા કામગીરી પર નજર રાખે છે.' વાયરલ વીડિયોમાં મહાપ્રસાદના લાડુના પેકેટમાં ઉંદર જોવા મળે છે. ઉંદરોના ઘણા પેકેટો કરડતા જોવા મળ્યા છે.


### પૈસાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવીને ફરિયાદ

# બડે મિયાં છોટે મિયાં' ફિલ્મના પ્રોડ્યુસરે ડાયરેક્ટર વિરુદ્ધ નોંધાવી એફઆઈઆર

## ફિલ્મની નિષ્ફળતાથી નિર્માતાઓ અને કલાકારો નારાજ, હવે ફરી આ ફિલ્મ ચર્ચામાં

। (એજન્સી) મુંબઈ,તા.૨૪ ।

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' થિયેટરોમાં ખરાબ રીતે પડી ભાંગી હતી. ફિલ્મની નિષ્ફળતાથી નિર્માતાઓ અને કલાકારો નારાજ થયાં હતા. ફિલ્મ રિલીઝ થયાના કેટલાક દિવસો બાદ તે ફરી ચર્ચામાં આવી છે. 'બડે મિયાં છોટે મિયાં'ના પ્રોડ્યુસર અને ડાયરેક્ટર વચ્ચે અણબનાવની ચર્ચાએ જોર પકડ્યું છે. બંને વચ્ચે પૈસાનો વિવાદ એટલો વધી ગયો છે કે, હવે બંને એકબીજા પર આરોપ લગાવી રહ્યા છે. જ્યારે ડાયરેક્ટર અલી અબ્બાસે



પ્રોડ્યુસર પર પૈસા ન આપવાનો આરોપ લગાવ્યો હતો, ત્યારે હવે NRI પ્રોડ્યુસર્સ વાશુ અને જેકી ભગનાનીએ ૩ સપ્ટેમ્બરે અલી અબ્બાસ ઝફર વિરુદ્ધ પૈસાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવીને ફરિયાદ પણ નોંધાવી છે. પૂજા એન્ટરટેઈનમેન્ટના માલિક વાશુ અને જેકી ભગનાનીએ ૩ સપ્ટેમ્બરે અલી અબ્બાસ ઝફર પર ફંડની ઉચાપત કરવાનો આરોપ લગાવ્યો હતો. વાશુ ભગનાની અને જેકી ભગનાનીએ અલી અબ્બાસ ઝફર વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે. તેણે અલી અબ્બાસ ઝફર પર ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના શૂટિંગ દરમિયાન અબુ ધાબી અધિકારીઓ પાસેથી મળેલી સબસિડી ફંડનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ કેસમાં અલી અબ્બાસ ઝફરની સાથે હિમાંશુ મેહરા અને એકશ રનાડિવનું નામ પણ બહાર આવ્યું છે. FIRની નકલમાં કહેવામાં આવ્યું છે કે, આ મામલો છેતરપિંડી, ચોરી, બ્લેકમેઈલિંગ, ખંડણી, મની લોન્ડરિંગ અને ચીટિંગનો છે.

# ૧૬ વર્ષના ટીનેજરે તેના નવા મોબાઈલની પાર્ટી નહીં આપતા મિત્રોએ કરી હત્યા

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૪ ।

દિલ્હીમાં એક સગીર યુવકે તેના મિત્રોને નવો મોબાઈલ ફોન ખરીદવાની પાર્ટી ન આપી ત્યારે મિત્રોએ તેની હત્યા કરી નાખી. આ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની ઓળખ કરી તેમની ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત હત્યામાં વપરાયેલ છરી પણ મળી આવી છે. આ ઘટના પૂર્વ દિલ્હીના શકરપુર વિસ્તારમાં બની હતી. અહીં ૧૬ વર્ષના સચિને નવો ફોન ખરીદ્યો હતો. તેની સાથે સચિનનો એક મિત્ર પણ હતો. ૨૩ સપ્ટેમ્બરના રોજ સાંજે લગભગ સાત વાગ્યાના સમયે સચિન ફોન ખરીદીને ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે સમોસાની દુકાન પાસે તેને કેટલાક જૂના પરિચિતો મળ્યા હતા. સચિનનો નવો ફોન જોઈને પેલા છોકરાઓએ નવા ફોન માટે પાર્ટી માંગી. સચિને પાર્ટી આપવાની ના પાડી. આ બાબતે સચિનનો તે છોકરાઓ સાથે ઝઘડો થયો હતો.


### નકલી નોટોનો વેપાર કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ

# ઉત્તર પ્રદેશમાંથી લાખો રૂપિયાની ડુપ્લીકેટ ચલણી નોટ સાથે સપા નેતા સહિત ૧૦ ઝડપાયા

## સમાજવાદી પાર્ટીના લોહિયા વાહિનીના રાષ્ટ્રીય સચિવ રફી ખાન ઉર્ફે બબલુ ગેંગની પણ ધરપકડ કરવામાં આવી છે

। (એજન્સી) લખનૌ,તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં નકલી નોટોનો વેપાર કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. જેમાં સમાજવાદી પાર્ટીના લોહિયા વાહિનીના રાષ્ટ્રીય સચિવ રફી ખાન ઉર્ફે બબલુ ગેંગની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપી સપા નેતા આખી ગેંગનો માસ્ટર માઈન્ડ હોવાનું કહેવાય છે. તેમની પાસેથી ૫.૬૨ લાખ રૂપિયાની નકલી નોટો, ગેરકાયદેસર પિસ્તોલ અને કારતુસ પણ મળી



આવ્યા છે. રફી ખાને નેપાળ-યુપી-બિહાર અને સરહદી વિસ્તારોમાં નકલી નોટોનો ધંધો કર્યો હતો. પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. તેમની ઓળખ શેખ જમાલુદ્દીન, નિયાઝુદીન ઉર્ફે મુન્ના, રેહાન ખાન ઉર્ફે સદ્દામ, ઔરંગઝેબ, મોહમ્મદ રફી, નૌશાદ ખાન, પરવેઝ ઈલાહી ઉર્ફે કૌસર આફ્રિદી, મોહમ્મદ રફીક ઉર્ફે બબલુ ખાન, હાશિમ ખાન અને સિરાજ હાશમતી તરીકે કરવામાં આવી છે. આ કેસમાં હજુ ચાર આરોપીઓ ફરાર છે. તેમની ઓળખ બિહારના સિવાનના રહેવાસી જિતેન્દ્ર યાદવ અને ગોપાલગંજના મનીષ કુમાર અને કમરુદ્દીન તરીકે થઈ છે. નકલી નોટો ઉપરાંત એક લાખ ૧૦ હજાર ભારતીય રૂપિયા, ત્રણ હજાર નેપાળી રૂપિયા, ૧૦ ગેરકાયદેસર પિસ્તોલ, ૩૦ કારતૂસ, ૧૨ ફાયર શેલ, ચાર સૂતળી બોમ્બ, ૧૩ મોબાઈલ ફોન, ૨૬ સિમ કાર્ડ, ૧૦ નકલી આધાર કાર્ડ મળી આવ્યા હતા.

## તંત્રી લેખ...

# છેલ્લા દોઢ મહિનામાં આવી દોઢ ડઝન જેટલી ઘટનાઓ

કાનપુરમાં રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળી આવવું અને પંજાબના બઠિંડામાં ટ્રેક પર સળિયો મૂકેલો હોવો એ માત્ર દુર્યોગ નથી, આ ઘટનાઓ કોઈ મોટા ષડયંત્ર તરફ સંકેત કરી રહી છે. આ પ્રકારની ઘટનાઓ પાછળ ષડયંત્ર એટલા માટે દેખાય છે, કારણ કે આના પહેલાં પણ આ પ્રકારની કેટલીય ઘટનાઓ બની ચૂકી છે. ગત દિવસોમાં જ સુરતમાં એક રેલવે ટ્રેકની ફિશ પ્લેટો કાઢી નાખવામાં આવી હતી અને ઉત્તર પ્રદેશમાં રામપુરમાં રેલવે ટ્રેક પર લોખંડનો એક થાંભલો મૂકી દેવાયો હતો. તેની પણ અવગણના ન કરી શકાય કે એના પહેલાં પણ આ જ પ્રકારની કેટલીય ઘટનાઓ રાજસ્થાન, મહારાષ્ટ્ર અને કેટલાંક અન્ય રાજ્યોમાં બની ચૂકી છે. કાનપુરમાં તો એવી કેટલીય ઘટનાઓ સામે આવી ચૂકી છે કે જેનાથી એ જ લાગે કે ટ્રેનોને પાટા પરથી ઉતારવાનું કાવતરું કરવામાં આવ્યું છે. એક અનુમાન અનુસાર છેલ્લા દોઢ મહિનામાં આવી દોઢ ડઝન જેટલી ઘટનાઓ બની ચૂકી છે, જેમાં ટ્રેનોને પાટા પરથી ઉતારવાની અલગ અલગ કાવતરાં કરવામાં આવ્યાં. એ ઠીક છે કે આ પ્રકારની ઘટનાઓને રેલવે બોર્ડે ગંભીરતાથી લીધી છે અને કેટલીક ઘટનાઓની તપાસ તો રેલવે પોલીસની સાથે જ સ્થાનિક પોલીસ અને રાષ્ટ્રીય તપાસ એજન્સી અર્થાત એનઆઈએ પણ કરી રહી છે, પરંતુ એ ઠીક નથી કે અત્યાર સુધી કોઈ ઘટનાના મૂળ સુધી પહોંચી નથી શકાયું. જો આવાં કાવતરાં પાછળ કોણ છે તેને જલ્દી શોધી ન શકાયું તો એ તત્ત્વો વધુ દુસ્સાહસી થઈ શકે છે જેઓ રેલવે ટ્રેક સાથે છેડછાડ કરીને ટ્રેનોને પાટા પરથી ઉતારવાની કોશિશ કરી રહ્યા છે. રેલવે પાટા સાથે છેડછાડની ઘટનાઓ નવી નથી, પરંતુ સામાન્ય રીતે આવી ઘટનાઓને તોફાની તત્ત્વો અંજામ આપતા હતા, પરંતુ હવે જે પ્રકારે એક પછી એક ઘટનાઓ બનવા લાગી છે, તેનાથી એ આશંકાને બળ મળે છે કે આ ઘટનાઓ પાછળ આતંકી તત્ત્વો જ હોઈ શકે છે. એ પણ હોઈ શકે કે આતંકીઓ પોતાના નાપાક ઈરાદાઓ પૂરા કરવા માટે તોફાની તત્ત્વોનો સહારો લઈ રહ્યા હોય! જે પણ હોય, વસ્તુસ્થિતિ સામે આવવી જ જોઈએ. ટ્રેનોના સુરક્ષિત સંચાલનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જ પડશે, કારણ કે ભૂતકાળમાં ટ્રેનોને નક્સલીઓ અને આતંકી સંગઠનો નિશાનો બનાવતા રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ પોતાની ચોકસાઈ વધારવી પડશે અને એક એવા માહોલનું નિર્માણ કરવું પડશે.

## સ્ત્રી સશક્તીકરણ માટે પ્રભાવી અવાજોએ શિક્ષણ અને સ્વાવલંબન પર ભાર

હાલમાં જ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે હિંદુ વિવાહ અધિનિયમ અંતર્ગત ક્રૂરતાના આધાર પર પતિ દ્વારા પત્ની વિરુદ્ધ દાખલ કરેલ છૂટાછેડા અરજી સ્વીકાર કરતાં કહ્યું કે 'હાલના દિવસોમાં અમે જોયું છે કે વૈવાહિક મામલે ચાહે અપીલ પતિ દ્વારા દાખલ કરવામાં આવી હોય કે પત્ની દ્વારા, પત્નીઓ હંમેશાં પતિ દ્વારા માગવામાં આવેલ રાહતને બદલે પૈસા પડાવવાની કોશિશ કરે છે.' ન્યાયાલયે એમ પણ કહ્યું કે 'એ બહુ દુર્ભાગ્યપૂર્ણ છે કે તેમને એવું કરવાનો મોકો પણ આપવામાં આવે છે. હવે સમય આવી ગયો છે કે આ પ્રકારના શોષણ અને જબરદસ્તી વસૂલીને રોકવામાં આવે.' હાઈકોર્ટની આ ટિપ્પણી છદ્મ નારીવાદથી ઘાયલ સમાજના ઘા પર મલમ લગાવે તેવી છે. છદ્મ નારીવાદે પાછલા દાયકાઓમાં સામાજિક અને સાંસ્કૃતિક માળખા પર કુઠારાઘાત કર્યો છે. નારીવાદી આંદોલનને ક્યારેય ખોટું ન ઠેરવી શકાય, કારણ કે તેનો આરંભ હાંશિયા પર ધકેલી દેવાયેલી મહિલાઓના અધિકારોની તરફદારી માટે થયો હતો. સ્ત્રી અને પુરુષને સમાંતર ઊભા કરવા માટે જે સિદ્ધાંતોની વકીલાત કરવામાં આવી હતી, તે નિઃસંદેહ પ્રશંસનીય હતા, પરંતુ સામાજિક વ્યવસ્થાને ઝટકો ત્યારે લાગ્યો જ્યારે નારીવાદી આંદોલનની બીજી લહેર પુરુષોને ખલનાયક રૂપે ચીતરવામાં વ્યસ્ત થઈ ગઈ. તેમની વિચારધારા એ અવધારણા પર ટકેલી હતી કે સ્ત્રી સશક્તીકરણ ત્યારે જ થશે જ્યારે પુરુષોને પાછળ ધકેલી દેવાય! સ્ત્રી સશક્તીકરણ માટે પ્રભાવી અવાજોએ શિક્ષણ અને સ્વાવલંબન પર ભાર મૂક્યો. તેમાં બેમત નહીં કે શિક્ષણ અને સ્વાવલંબનનો માર્ગ સશક્તીકરણ પર જઈને સમાપ્ત થાય છે. આધુનિક વિચારોની તરફદારી કરનારા સમૂહોએ એ પ્રશ્ન પણ ઉઠાવ્યો કે 'શું ઝાડુ અને એંઠાં વાસણો પર સ્ત્રીનું જ નામ લખ્યું છે?' તેમાં લેશમાત્ર શંકા નહીં કે ઘરેલુ કામો માત્ર મહિલાઓની જવાબદારી નથી. એમાં પુરુષોની ભાગીદારી અપેક્ષિત અને આવશ્યક પણ છે, પંરતુ સ્ત્રી અધિકારોની તરફદારી કરનારી આ તમામ સંસ્થાઓ એક સૂરે એ સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા પર હસ્તાક્ષર કરે છે, જ્યાં એ સ્વીકાર કરવામાં આવતું રહ્યું છે કે પત્ની, બાળકો અને પરિવારના અન્ય સદસ્યોની જરૂરિયાતને પૂરી કરવી પુરુષનું નૈતિક દાયિત્વ છે. આ માનસિકતા એટલી ઊંડી પેસી ગઈ છે કે અર્થોપાર્જનની ક્ષમતા અને પારિવારિક આર્થિક જવાબદારીના વહનને પુરુષત્વ સાથે જોડી દેવામાં આવ્યું અને તેમાં જરા પણ ચૂક તેમને સામાજિક રૂપે લજ્જિત કરે છે. એ સામાજિક પ્રશ્ન ક્યારેય નથી બની શક્યો કે નિરંતર કમાવાનું દબાણ અને ખુદને પુરુષત્વના માળખામાં બેસાડવાની જહેમત તેમને માનસિક રૂપે પ્રભાવિત કરે છે. સામાજિક માપદંડની આ પીડાને યુકોનના કનેક્ટિકટ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યયન 'ઈઝ રિલેટિવ ઈક્મ સાઈકોલોજિકલ વેલ બીઇંગ એન્ડ હેલ્થ : ઈઝ બ્રેડવિનિંગ હેઝર્ડ્સ ઓર પ્રોટેક્ટિવ' બખૂબી દર્શાવે છે. ૧૫ વર્ષની નિરંતર શોધ બાદ શોધકર્તાઓએ આ તથ્ય તરફ ઈશારો કર્યો કે પારિવારિક જવાબદારીના વહન માટે અંતહીન કામ કરવાનો દાવો પુરુષોના શારીરિક અદ્વે માનસિક સ્વાસ્થ્ય પર ઊંડો આઘાત કરે છે. દુનિયાભરમાં હજારો શોધ નિરંતર એ તથ્યને ઉજાગર કરે છે કે વિવાહ પછી મહિલાઓ શારીરિક અને માનસિક રૂપે વ્યથિત હોયછે, પરંતુ કોઈક જ એવા અધ્યયન થયા હશે કે જે વિવાહ પછી પુરુષોની અપેક્ષાઓ કે તેમના હાનિ પર ચર્ચા કરે. રિચર્ડ વી. રીવ્સના પુસ્તક 'ઓફ બોય્ઝ એન્ડ મેન : વ્હાય ધ મોડર્ન મેલ ઈઝ સ્ટ્રગલિંગ, વ્હાય ઈટ મેટર્સ, એન્ડ વેટ ટુ ડૂ અબાઉટ ઈટ' એ સાંસ્કૃતિક અતિરેકને કઠેરામાં ઊભું કરે છે, જ્યાં પુરુષો પ્રત્યે વિદ્વેષ અને પૂર્વગ્રહોનો જમઘટ લાગેલો છે. આ વિકૃતિ નથી તો શું છે કે શિક્ષિત અને સક્ષમ હોવા પર પણ પત્નીઓ ઈચ્છે છે કે આર્થિક ભારનું વહન પતિ જ કરે. પરંપરાગત સામાજિક માળખાને સ્ત્રી સશક્તીકરણમાં બાધક માનનારી વિચારધારા 'સગવડિયા' સિદ્ધાંત પર ટકેલી છે. કથિત આધુનિકતાની તમામ અવધારણાઓને સ્વીકાર કરનારી મહિલાઓ આર્થિક જવાબદારીથી સંપૂર્ણ મુક્ત રહેવાની ઈચ્છા રાખે છે, જે પ્રત્યક્ષ રૂપે 'આત્મસન્માન'ની અવધારણાથી વિરુદ્ધ છે અને પરોક્ષ રૂપે 'અકર્મણ્યતા'ની પોષક.

**માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ, આ ચાર સૂત્રો આપણી હિન્દુ સંસ્કૃતિનાં મુખ્ય ચાર સૂત્ર છે**

# વધતાં જતાં વૃદ્ધાશ્રમ એ આજના સમાજની કડવી વાસ્તવિકતા છે!! અને આ એ જ સમાજ છે, જેમાં આપણે રહીએ પણ છીએ,



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**અરુણ અને અજીત બને પાકાં મિત્રો છે અને એક જ ઓફિસમાં નોકરી કરે છે! અજીતને એક દિકરી અક્ષા અને અરુણને એક દીકરો આર્ય, બંનેની પત્ની પણ વર્કિંગ વુમન હતી, રજાઓમાં સાથે પિકનિક પર જાય અને એકબીજાના જન્મ દિવસ કે લગ્ન દિવસ નિમિત્તે ભેગા થાય, આમ એમ કહો કે બે ભાઈઓનો પરિવાર એક જ શહેરમાં રહેતો હોય એમ!**

હમણાં કેબીસીના મંચ પરથી હાલનાં સમયની એક કડવી વાસ્તવિકતા બતાવી, સ્મિત ફાઉન્ડેશન!: શો જોનાર દરેકની આંખમાં આંસું હતાં! પણ આ એ જ સમાજ છે, જેમાં આપણે રહીએ છીએ, અને એમાં દેખાંડેલા કિસ્સા પણ આપણામાંથી જ કોઈક છે! અને છતાં એ સુસભ્યનું લેબલ લગાડીને ફરે છે! વિધિની વિટંબણા કહો કે સમયની! પણ વિચારવા જેવો પ્રશ્ન તો એ છે, કે શું એમાં આપણો કોઈ જ દોષ નથી??? સમય રહેતાં હજી પણ વૃદ્ધાશ્રમોની સંખ્યા ઘટવી જોઈએ! પહેલા તો લોકો એવું પણ વિચારતાં કે આપણે એમની સાથે જેવું કરીશું, એવું જ આપણા સંતાનો આપણી સાથે કરશે! પણ હવે આવતીકાલ વિશે એટલું લાંબુ કોઈ વિચારતું નથી! અને પોતાનાં મોજશોખમાં બાધાં આવે એટલે સંતાન પણ ક્યાં કરે છે! આવીજ કંઈક વાત આજે બુધવારની બોધકથામાં. અરુણ અને અજીત બને પાકાં મિત્રો છે અને એક જ ઓફિસમાં નોકરી કરે છે! બંનેની ડીગ્રી અને પદવી બંને સરખું! અજીતને એક દિકરી અક્ષા અને અરુણને એક દીકરો આર્ય, બંનેની પત્ની પણ વર્કિંગ વુમન હતી. રજાઓમાં સાથે પિકનિક પર જાય અને એકબીજાના જન્મ દિવસ કે લગ્ન દિવસ નિમિત્તે ભેગા થાય, આમ એમ કહો કે બે ભાઈઓનો પરિવાર એક જ શહેરમાં રહેતો હોય એમ! આજે અરુણ એ અજીતનાં ફેમિલીને પોતાના ઘરે જમવા બોલાવ્યા હતાં! રજાનો દિવસ હતો અને ત્રણેય જણા અરુણને ઘરે પહોંચી ગયા! અક્ષાને એમ કે આર્ય સાથે રમવા મળશે એમ વિચારી ખુશ હતી તો! અજીતની પત્ની આકૃતિ દિવાળી આવતી હોવાથી અરુણની પત્ની અદિતિ સાથે શોપિંગ પ્લાન થઈ જશે અને જો મેળ પડશે તો આજે જ બંને જઈ આવશે, એમ વિચારી ને આવી હતી. અરુણની મમ્મીનું શ્રાદ્ધ હતું એટલે જમવાનું હતું, દૂધપાક પુરી અને બટેટા વડાનું જમણ જમી પરવાર્યા પછી, આકૃતિ અને અદિતિ બંને પ્લાન મુજબ શોપિંગમાં ગઈ! આર્ય અને અક્ષા બંને સ્કૂલના પ્રોજેક્ટ વિશે કામ કરવા લાગ્યા. અરુણ અને અજીત એકલાં પડ્યા એટલે અજીત એ અરુણને પુછ્યુ યાર તું આ શ્રાદ્ધમાં માને છે? એણે કહ્યું કે ના હું માનતો નથી! પણ... એ અટકી ગયો! એટલે અજીતે પુછ્યુ પણ શું? એણે કહ્યું યાર મમ્મી માટે એનાં જીવતા એવું કંઈ કરી શક્યો નથી! અને




તું જાણે છે મારા પપ્પા તો બહુ નાની ઉંમરે ગુજરી ગયા હતાં, મમ્મી એ જ મને ઉછેરીને મોટો કર્યો! ચાર્ટડ એકાઉન્ટન્ટ સુધી ભણાવ્યો! અને એનાં કેટલાં અરમાન હતાં કે પછી અમારી સાથે રહે! પણ.. વળી એ અટકી ગયો, પછી આગળ કહ્યું કે અદિતિને એની સાથે નહીં ફાવે, તો રોજનાં ઝઘડા થશે! એટલે દર વખતે કોઈને કોઈ બહાનું આગળ કરી દેતો! ઈવન મેં અદિતિને પણ મમ્મી આવવા માંગે છે એવું કહ્યું નહીં! અને આમને આમ લગ્ન પછીનાં પાંચ વર્ષ ચલાવ્યું. પછી આર્યનો જન્મ થયો અને એની કેર કરવા તો કોઈ જોઈશે, એટલે મમ્મીનો ઓપ્શન અદિતિ સ્વીકારી લેશે, એમ સમજી હું રાજી થઈ ગયો, પણ વિધીને એ મંજૂર નહોતું એટલે એ સમય આવે એ પહેલાં જ એ આર્યનું મોઢું જોયા વગર જ વૈકુંઠની વાટે ચાલી નીકળી! અને આટલું બોલતા તો એનાં ગળે ડૂમો ભરાઈ આવ્યો. અજીત એ એને વાંસામાં હાથ ફેરવીને પાણી પાયું. અરુણ એ કહ્યું કે ગયા મહિને ટેક્સમાં મુક્તિ મળે એટલે માય ફ્રેન્ડસ નામનાં ઓલ્ડ એજ હોમમાં દાન આપવા ગયો હતો, ત્યાં એક મમ્મી જેવડાં બહેન મને મળ્યાં, એમણે કહ્યું કે તમારું નામ અરુણ છે? મેં કહ્યું કે હાં તો એણે કહ્યું કે તારી મમ્મી મારી સહેલી હતી, અને અમે બંને જણા સેલ્સ વુમનનું કામ કરતા હતાં. અમે રોજ સાથે જ વસ્તુઓનું માર્કેટિંગ કરવા જતાં, રસ્તામાં કોઈ મસ્ત કાર નીકળે એટલે એને જોઈ રહેતી, અને પછી મને તમારો ફોટો બતાવી કહે કે સુનીતા જોજે એક દિવસ અરુણ ચાર્ટડ એકાઉન્ટન્ટ બની જાય, પછી હું પણ આમ ગાડીમાં ફરીશ! અને અરુણ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો! મમ્મીને કેટલાં અરમાનો હતાં, પણ હું એકે પૂરાં ન કરી શક્યો! એટલે આમ શ્રાદ્ધ કરીને અને ઓલ્ડ એજ હોમમાં દાન કરીને મન મનાવુ છું! જીવતા તો મમ્મી ન આવી શકી પણ આમ શ્રાદ્ધને બહાને ફોટો આવ્યો! અજીત જોવાની વાત એ છે કે મમ્મી ગુજરી ગઈને તોય એના મોઢા પર પોતાના દિકરા માટે એકપણ ફરિયાદનો ભાવ નહોતો અને હવે.... હવે શું??: આવતે મહિનાથી છ મહિના માટે અદિતિની મમ્મી અમારી સાથે રહેવા આવે છે, એનાં પપ્પા ગુજરી ગયાં, અને ભાઈ ભાભી અહીંની મિલકત વેચીને પછી એને વિદેશ લઈ જશે! અત્યારે એમને રજા મળે એમ નથી. ભલે અદિતિની મમ્મી એટલે એ મારી પણ મા જ છે! પણ આ સુખ હું મમ્મીને ન આપી શક્યો એનું દુઃખ હવે રોજ થશે. અજીત પોતાના પરિવાર સાથે રાત્રે ઘરે પાછો આવ્યો અને અક્ષાએ એને પુછ્યુ પપ્પા શ્રાદ્ધ એટલે શું? આર્ય કહેતો હતો કે શ્રાદ્ધમાં એની દાદી કાગડો બનીને કાંતો ગાય બનીને જમવા આવે ? અજીત શું કહે?: એ આ બધી વાતોને માનતો નહોતો! પણ... એ વિચારતો હતો કે મા ગુજરી ગયા પછી પપ્પા ગામમાં એકલા છે, એણે ઘણીવાર એને લાવવા પ્લાન કર્યો, પણ પછી પોતે જ માંડી વાળ્યું! કારણ કે પોતાના પપ્પા (બાપુજી) અહી આવશે તો એનું સ્ટેટ્સ ઘટી જશે. પપ્પાની ઉંમર ઘણી મોટી થઈ, પછી પોતાનો જન્મ છે ! અને એ દેખાવે સામાન્ય તો ઉપરથી બોલી પણ ગામડાની અને હવે તો તમાકુ બીડીની આદત પણ છે! કેમ કરીને આ સોફેસ્ટિકેટેડ સોસાયટીમાં લાવી શકે! જોકે આ બધું તો કહેવાનું હતું! એ લોકો પણ પાર્ટી કરે જ છે ને! અને બીડી નહીં તો સિગારેટ પણ .. હવે તો એમની તબિયત પણ સારી રહેતી નહોતી, એટલે જ એણે વચલો માર્ગ શોધ્યો હતો, કે એ તેને અહીંના લકઝરિયેશ ઓલ્ડ એજ હોમમાં દાખલ કરી દે. પણ આજે અરુણની વાત સાંભળીને એ વિચારમાં પડી ગયો અને એણે નક્કી કર્યું કે એ બાપુજીને અહીં લઈ આવશે! અને બીજે દિવસે સવારે જ એણે રજા મુકીને તૈયાર થઈને આકૃતિને કહ્યું, હું આજે રજા પર છું, ગામ જાઉં છું પપ્પાને લેવા! અક્ષા બોલી પપ્પા દાદાજી આપણી સાથે રહેશે! એણે કહ્યું હાં! એણે કહ્યું વાહ મને સ્ટોરી સાંભળવા મળશે! અને એણે ગાડી મારી મૂકી..

**આજની અશાંતિનું કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો છે તે છે. રાયને શાંતિ નહીં, રંકને શાંતિ નહીં, મૂર્ખને શાંતિ નહીં, વિદ્વાનને શાંતિ નહીં**

# ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે, અંદર નહીં, એટલે એને આનંદ મળતો નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન આનંદ સ્વરૂપ છે, ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે, ગોપીઓને પરમાનંદનું દાન કર્યું, જીવ અને ઈશ્વરનું મિલન થયું, પરમાત્મા સાથે મિલન થયા પછી પણ સાધકે સાધન ચાલુ રાખવું પડે છે, સાધન કરતાં અનેક સિદ્ધિ ઓ મળશે, પરમાત્મા મળશે, પણ સાધન છોડશો નહીં, મન દગાખોર છે, કપટી છે, રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે.**

ભાદરવા વદ આઠમ આજે ડોશી નોમ પણ કહેવાય છે.મૃતાત્મા વૃદ્ધ ડોશીઓનું શ્રાધ્ધ નાખવાની વિધિ થાય છે. હૈયાત માતા પિતા વડીલોના આશીર્વાદ લઈ મૃતાત્મા પિતૃઓને રાજી કરો સુખ શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત કરો તેવી સૌને શુભકામના પાઠવું છું. આજની અશાંતિનું કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો છે તે છે. રાયને શાંતિ નહીં, રંકને શાંતિ નહીં, મૂર્ખને શાંતિ નહીં, વિદ્વાનને શાંતિ નહીં, ક્યાંય શાંતિ કેમ નથી તેનો વિચાર કરો. ભગવાન આનંદ સ્વરૂપ છે. ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે. ગોપીઓને પરમાનંદનું દાન કર્યું. જીવ અને ઈશ્વરનું મિલન થયું. પરમાત્મા સાથે મિલન થયા પછી પણ સાધકે સાધન ચાલુ રાખવું પડે છે. સાધન કરતાં અનેક સિદ્ધિ ઓ મળશે, પરમાત્મા મળશે, પણ સાધન છોડશો નહીં. મન દગાખોર છે, કપટી છે.રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનનેય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે. જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ,સેવા,કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે. સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે,પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે, એટલે અભિમાન આવે છે. અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડનાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત,બાપજી બાપજી કરે એટલે સાધુમાં હુંપણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું, હું સિદ્ધ છું. પણ મનમાં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ.ઈશ્વરનાં દર્શનપછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો. સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે,તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તે દીન છે. દીનતાથી ભક્તિ દ્રઢ થાય છે. આટલા આત્મસમર્પણવાળી ગોપી ને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએએટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે.જેને બહુ માન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયું કે શ્રીકૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે, ભગવાન ઉપર ઉપરથી ના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો, આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદ્રશ્ય થયા. ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંત ર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવ ને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવાના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા. હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા. એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે, કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વખત જ્ઞાની ઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડ છે. સાધન છોડે છે ને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતી થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથ ને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢર પુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે. કોઈ વખત માતા પિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા. ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતાપિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડીજવાને બદલેભગવાન ને કહે છે, હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડી માં જગ્યા નથી, આપ બહાર ઊભા રહો?મારાં માતાપિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે, મને ભગવાન મળ્યા તે માતાપિતાની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ? માતાપિતા કે ભગવાન?એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છેકે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા.પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા. તે સૂચવે છે કે કેડપૂર જળમાં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણનો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે.કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી સાધન છૂટશે તો ભગવાન અંતર્ધ્યાન થશે, અદ્રશ્ય થશે. પુંડલિક ની જેમ સાધ્ય મળે,તો પણ સાધન છોડશો નહીં. રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદ્રશ્ય થયા. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે છે,ને પછી પતન થાય છે.ભગવાન ત્યાં જ હતા પણ ગોપીઓને દેખાતા નથી અંતર્ધ્યાન થયા એટલે શ્રી કૃષ્ણે ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે, હું તો જીવને અપનાવવા તૈયાર છું, પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને! ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે,અંદર નહીં.એટલે એને આનંદ મળતો નથી.તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ. સ્ત્રીથી,કપડાંથી,ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુઃખ થશે. તમારો આનંદ કોઈને આધીન હશે, તો તે દુઃખ આપશે જ. માટે દુઃખી ન થવું હોય તો અંતર્મુખ દૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો. ફક્ત એક ભગવાન આનંદ રૂપ છે. બાકી આ જગત તો દુઃખરૂપ છે, ને અનિત્ય છે. વાચક ચાહક મિત્રો, ભાદરવા પિતૃપક્ષના પખવાડિયામાં એક અવશ્ય બોધ પાઠ લેશો કે જે રીતે મૃતાત્મા પિતૃઓને રાજી કરવા શ્રાધ્ધ કાગડા સમડી જેવા પક્ષીઓને તેમના પ્રતિક માનીને વિવિધ જાતની વાનગીઓ ધાબા છત નળિયા કે છાપરા પર નાખી સંતોષ માનો છો તે સારી બાબત છે પણ ઘરમાં વડીલ દુઃખના આંસુ સારી દુઃખી થાય તેવું ક્યારેય ન કરતા જીવતા જીવના આશીર્વાદ પ્રાપ્ત કરી સાચી સુખ શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ સાથે અસ્તુ..

### આ દિવસોમાં અનેક એક્ટ્રેસ માતા બની છે

# રિચા ચઢ્ઢાએ નવમાં મહિનામાં કરાવ્યું હતુ હટકે ફોટોશૂટ

**બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા થોડાં દિવસો પહેલાં માતા બની છે, રિચાએ દીકરીને જન્મ આપ્યો છે**

બોલિવૂડમાં આ દિવસોમાં અનેક એક્ટ્રેસ માતા બની છે. કોઈનાં ઘરે દીકરી તો કોઈનાં ઘરે દીકરાનો જન્મ થયો છે. એમાંથી એક ફુકરેની એક્ટ્રેસ રિચા ચઢ્ઢાનું નામ પણ આમાં શામેલ છે. એક્ટ્રેસ દીકરીની માતા બની છે અને હાલમાં મસ્ત પળને એન્જોય કરી રહી છે. જો કે અત્યાર સુધીમાં દીકરીની ઝલક શેર કરી નથી. લેટેસ્ટમાં રિચા ચઢ્ઢાએ ગ્લેમરસ મેટરનિટી ફોટોશૂટની તસવીરો શેર કરી છે. આ તસવીરો પોપ્યુલર કરવા માટે એક્ટ્રેસ આ ખાસ દિવસની પસંદગી કરી છે. ડોટર્સ ડેનાં દિવસે સ્પેશયલ મેસેજની સાથે ઈન્સ્ટાગ્રામ પર આ તસવીર પોસ્ટ કરી છે. આ તસવીરોમાં રિચા ચઢ્ઢાનો બિલકુલ અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. રિચા ચઢ્ઢાએ આ ખૂબસુરત તસવીરો પોસ્ટ કરતાં એક મસ્ત કેપ્શન પણ લખ્યું છે. કેપ્શનમાં એક્ટ્રેસે લખ્યું છે કે, માયા એન્જેલોને કહ્યું, મારી માતાએ મારી ચારેબાજુ એનાં સુરક્ષાત્મક પ્રેમ વિખેર્યો અને લોકોને કેમ લાગવાં લાગ્યું કે આ મારું મુલ્ય છે. મારા માટે હંમેશા તારું મુલ્ય રહેશે. નાની છોકરી. આ તસવીરોમાં ગર્ભાવસ્થાનાં નવમાં મહિનામાં હર્ષે લીધી છે. મારા શરીર પર પવિત્ર જ્યામિતિ પ્રતિકો દોરવામાં આવ્યા છે. મારી નાભિ પર જીવનનું ફૂલ અને મારી છાતી પર દિવ્ય સ્ત્રીનું પ્રતીક છે. મને એ સમયે જાણ નહોતી કે મારી એક દીકરી હશે. મહિલા બ્રહ્માંડનાં પવિત્ર પાત્ર એની છબિમાં એક બનાવવા માટે પોતાને ક્લોન બનાવે છે. એક્ટ્રેસે આગળ લખ્યું કે, દીકરી દિવસ શુભકામનાઓ નાની દીકરીને. અમે એક દિવસ સાથે આ તસવીરો જોઈશું, જ્યાં તે મારી અંદર પોઝ આપ્યાં હતા અને ખુશીથી ઝુમી ઉઠી હતી. આ અમારા માટે છે. આ તસવીર જોયા પછી ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યાં છે.ઉલ્લેખનીય છે કે, રિચા ચઢ્ઢા અને અલી ફઝલે વર્ષ ૨૦૧૫માં ડેટિંગની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૧૭માં કપલે એમનાં સંબંધો પુષ્ટિ કરી. આ સાથે અલી ફઝલે ઈન્સ્ટાગ્રામ પર રિચા ચઢ્ઢાની સાથે એક સેલ્ફી પણ શેર કરી હતી. આ સેલ્ફી શેર કરીને કેપ્શનમાં લખ્યું હતું કે છે તો છે. આમ, કપલે ૨૦૨૨માં લગ્ન કર્યાં. થોડા સમય પછી પ્રેગનન્સીની ઘોષણા કરી. હવે ફાઈનલી પેરેન્ટ્સ બની ગયા છે.





# દેવરા-૧ની રિલીઝ પહેલાં જ બીજા પાર્ટની ચિંતા

**કેટલાક કિસ્સામાં ફિલ્મનો પહેલો ભાગ અધૂરો લાગતો હોય-ફિલ્મને અધૂરી છોડી દેવાઈ હોય તેવું લાગે છે**

પ્રભાસ અને યશની જેમ પાન ઈન્ડિયા સ્ટાર તરીકે ઓળખ જમાવવા પ્રયાસ કરી રહેલા જુનિયર એનટીઆરની બિગ બજેટ ફિલ્મ 'દેવરા-૧' રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મની રિલીઝ પહેલાં જ બીજા પાર્ટના કેટલાક સીન્સ શૂટ થઈ ગયાં છે. સામાન્ય રીતે પહેલી ફિલ્મ હિટ જાય તો જ સીક્વલ આવતી હોય છે. આ કિસ્સામાં વર્તમાન ટ્રેન્ડ મુજબ 'દેવરા-૧'ની રિલીઝ પહેલાં જ સેકન્ડ પાર્ટ બનાવવાનું એલાન થઈ ચૂક્યું છે. ફિલ્મના બજેટને જોતાં તેને હિટ બનાવવા દરેક શક્ય પ્રયાસ થઈ રહ્યાં છે. કેટલાક કિસ્સામાં ફિલ્મનો પહેલો ભાગ અધૂરો લાગતો હોય છે અને ફિલ્મને અધૂરી છોડી દેવાઈ હોય તેવું ઓડિયન્સને લાગે છે. સસ્પેન્સ ઊભું કરવામાં ફિલ્મ સફળ રહી છે તેવું લાગે તો માઉથ પબ્લિસિટી ફિલ્મને હિટ કરાવી દે છે, પરંતુ અધૂરી ફિલ્મ જોઈને છેતરાઈ ગયાં તેવી લાગણી હાનિકારક છે. આ જોખમને ધ્યાને રાખીને 'દેવરા-૧'ની રિલીઝ પહેલાં જ જુનિયર એનટીઆર સહિત સમગ્ર ટીમ બીજા પાર્ટની ચિંતા સતાવવા માંડી છે. જુનિયર એનટીઆરની છેલ્લી સોલો ફિલ્મ ૨૦૧૮ના વર્ષમાં રિલીઝ થઈ હતી. છ વર્ષ પહેલા આવેલી 'અરવિંદા સામેથા વીર રાઘવ'ને માત્ર સાઉથ ઈન્ડિયન માર્કેટમાં રિલીઝ કરાઈ હતી. તે સમયે પાન ઈન્ડિયા ફિલ્મોનો જમાનો જામ્યો ન હતો. આ સમયગાળામાં જુનિયર એનટીઆરની સ્ટાર વેલ્યુ ઘણી વધી છે. ખાસ કરીને **'RRR'**ની સફળતાએ તેને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવી છે, જેના કારણે જુનિયર એનટીઆર સાથે બિગ બજેટ ફિલ્મની વર્લ્ડવાઈડ રિલીઝનું આયોજન કરાયું છે. બોલિવૂડ ઓડિયન્સને ઈમ્પ્રેસ કરવા સૈફ અલી ખાન અને જાન્હવી કપૂરનો સમાવેશ પણ કરાયો છે. એકંદરે જંગી બજેટ અને મોટાં સ્ટાર્સ ધરાવતી આ ફિલ્મની રિલીઝ પૂર્વે ઓડિયન્સમાં ઉત્સુકતા છવાયેલી હોય તેવું ટ્રેલરને મળેલા રિસ્પોન્સ પરથી જણાય છે, પરંતુ સોશિયલ મીડિયાનો બઝ ફિલ્મને બ્લોક બસ્ટર બનાવી શકે તેવું માનવું વધારે પડતું છે. કોરતાલા શિવાના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મનું ટ્રેલર ૨૨ સપ્ટેમ્બરે રિલીઝ થયું છે, જેમાં ફિલ્મના લીડ એક્ટર્સના રોલની ઝલક આપવામાં આવી છે. ફિલ્મમાં જુનિયર એનટીઆરના ડબલ રોલ છે, જ્યારે વિલન તરીકે સૈફ અલી ખાન છે. જાન્હવી કપૂર ફિલ્મની લીડ એક્ટ્રેસ છે. ટ્રેલરની શરૂઆતમાં જુનિયર એનટીઆરના સપનાનું વર્ણન આવે છે, જેમાં દરિયાનો કલર બદલાઈને લાલ થઈ જાય છે. દરિયામાં ઘણી લાશો પડેલી હોય તેવું દ્રશ્ય છે, જેથી મોટા પાયે રક્તપાત પછીનું આ દ્રશ્ય જણાય છે. ટ્રેલરમાં પ્રકાશ રાજનો વૉઈસ ઓવર છે, જેઓ દરેક કેરેક્ટરનો પરિચય આપે છે.



# IIM-Aના ક્લાસમાં બ્રેક લઈ નવ્યાએ કરિશ્મા-અનન્યા સાથે મજા કરી

**નવ્યાએ મુંબઈ ખાતે યોજાયેલા એનબીટી ઉત્સવ એવોર્ડમાં હાજરી આપવા માટે ક્લાસમાં બ્રેક લીધો હતો**

અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદાએ એક્ટિંગમાં નસીબ અજમાવવાના બદલે બિઝનેસ મેનેજમેન્ટમાં કરિયર બનાવવાનો નિર્ણય લીધો છે. નવ્યાએ નંદા પરિવારના વારસાને આગળ વધારવાનું પસંદ કર્યું છે. નવ્યાએ બિઝનેસના નવા પાઠ શીખવા માટે IIM-અમદાવાદમાં એડમિશન લીધેલું છે. અન્ય વિદ્યાર્થીઓની સાથે IIM-Aમાં નિયમિત ક્લાસ એટેન્ડ કરી રહેલી નવ્યાએ તાજેતરમાં બ્રેક લીધો હતો. નવ્યાએ એક એવોર્ડ ફંક્શનમાં કરિશ્મા અને અનન્યા સહિતની સેલિબ્રિટીઝ સાથે મજા કરી હતી. નવ્યાએ આ મહિનાની શરૂઆતના દિવસોમાં IIM-Aમાં એડમિશન લીધું હતું અને પોતાની નવી શરૂઆત અંગે સોશિયલ મીડિયા પર વાત કરી હતી. નવ્યાએ તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલા એનબીટી ઉત્સવ એવોર્ડ ૨૦૨૪માં હાજરી આપવા માટે ક્લાસમાં બ્રેક લીધો હતો. આ ઈવેન્ટમાં કરિશ્મા કપૂર, કાર્તિક આર્યન, અનન્યા પાંડે, હિના ખાન, શર્વરી અને રાધિકા મદાન સહિત અનેક સેલિબ્રિટીઝે હાજરી આપી હતી. આ ફંક્શનના વીડિયો-ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યાં છે. આ ઈવેન્ટમાં નવ્યાએ કરિશ્મા અને અનન્યા સાથે ઘણી વાતો કરી હતી. વેસ્ટર્ન ડ્રેસના બદલે ટ્રેડિશનલ સાડીમાં સજ્જ થઈને ગ્લેમરસ ફોટોશૂટ કરાવ્યું હતું. અનન્યાએ ગ્રીન સાડી, કરિશ્માએ એમ્બ્રોઈડરીવાળી ગોલ્ડન સાડી અને અનનન્યાએ ગ્રીન-ગોલ્ડન સાડી પસંદ કરી હતી. અનન્યા પાંડેએ IIM-Aમાં બે વર્ષના BPGP MBA કોર્સમાં એડમિશન લીધેલું છે. ૨૦૨૬ના વર્ષમાં અનન્યાને પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી મળશે. IIM-Aમાં એડમિશન મળવાથી અનન્યા ખૂબ ખુશ હતી અને પોતાનું સપનું સાકાર થયું હોવાનું જણાવ્યુ હતું. નવ્યાએ IIM-Aમાં એડમિશન લેતાં પહેલાં જ ઉદ્યોગસાહસિક તરીકે શરૂઆત કરેલી છે. તેણે જાતિય સમાનતાને પ્રોત્સાહન માટે લોન્ચ કરેલો નવેલી પ્રોજેક્ટ ખૂબ વખણાયો હતો. નવ્યાએ ઉદ્યોગ સાહસિકતાના પાઠ શીખવાની સાથે સેલિબ્રિટીઝ સાથેના સંપર્ક જાળવવાના પ્રયાસ પણ કર્યા છે.



# દિલજિતના પગલે, એપી ધિલ્લોન અને બ્રિટિશ બેન્ડ ભારતમાં કોન્સર્ટ કરશે

**દિલજિતની આગામી કોન્સર્ટ 'દિલ લુમનાટી ટૂર' ટાઈટલ સાથે થવાની છે**

ભારતની નવી પેઢીમાં રેપર અને કોન્સર્ટ ખૂબ લોકપ્રિય છે. દિલજિત દોસાંજની ઈન્ડિયા ટૂર અત્યારે ચર્ચામાં છે. રૂપિયા ૨૦૦૦૦ જેટલી કિંમત હોવા છતાં દિલજિતના કોન્સર્ટની ૨.૫ લાખ ટિકિટ બૂક થઈ ગઈ છે. દિલજિતને મળેલી સફળતાથી ઉત્સાહિત થઈને એપી ધિલ્લોન અને બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લે દ્વારા ભારતમાં કોન્સર્ટનું એલાન થયું છે. કોલ્ડ પ્લેની ટિકિટનું બુકિંગ પણ ૨૨મીથી શરૂ થઈ ગયું છે. દિલજિત ઉપરાંત અન્ય કેટલાક જાણીતા સિંગર્સ પણ ઈન્ડિયા ટૂર પ્લાન કરી રહ્યાં છે. દિલજિતની આગામી કોન્સર્ટ 'દિલ લુમનાટી ટૂર' ટાઈટલ સાથે થવાની છે. વધારે કિંમત હોવા છતાં તેના શોની ૨.૫ લાખ ટિકિટ બૂક થઈ હોવાથી ભારતમાં કોન્સર્ટ કરવા માગતા સિંગર્સનો આત્મવિશ્વાસ વધ્યો છે. દિલજિત પછી હવે એપી ધિલ્લોન અને કરણ ઔજલાએ કોન્સર્ટનું આયોજન કર્યું છે. ઈન્ડો-કેનેડિયન સિંગર એપી ધિલ્લોનની ટૂર અથવા તારીખો અંગે ખાસ માહિતી નથી, પરંતુ તેણે પોતાના ગીત 'ઓલ્ડ મની'ને ગાઈને આ અંગે વાત કરી હતી. જલ્દી જ પોતાના વતનમાં આવી રહ્યા હોવાનું તેણે કહ્યું હતું. બિશ્નોઈ ગેંગના ટાર્ગેટમાં ધિલ્લોન પણ છે, તેથી ઘણાં ચાલકોએ તેને ભારત નહીં આવવા સલાહ આપી હતી. બ્રિટિશ બેન્ડ કોલ્ડ પ્લે અને 'તૌબા તૌબા' સિંગર કરણ ઔજલા પણ ભારતમાં લાઈવ કોન્સર્ટ કરવાના છે.



### 'એનિમલ'ની સફળતા બાદ સંખ્યાબંધ ફિલ્મોની ઓફર

# તેરે ઈશ્ક મૈં : 'રાંઝણા'ની સીક્વલમાં તૃપ્તિ ડીમરી સાથે ધનુષનો રોમાન્સ

**ડાયરેક્ટર આનંદ એલ. રાય-ધનુષની ફિલ્મ રાંઝણા ૨૦૧૩માં હિટ રહી હતી, તેઓ આ ફિલ્મની સીક્વલ બનાવવા માગે છે**

તૃપ્તિ ડિમરીને 'એનિમલ'ની સફળતા બાદ સંખ્યાબંધ ફિલ્મો ઓફર થઈ રહી છે. તૃપ્તિની કરિયરનો ગોલ્ડન પિરિયડ શરૂ થયો હોવાથી મોટાં પ્રોડક્શન હાઉસ પણ તેની સાથે કામ કરવા આતુર છે. રાજકુમાર રાવ સાથેની ફિલ્મ વિકી વિદ્યા કા વો વાલા વીડિયો ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ ઉપરાંત પણ અન્ય ફિલ્મો પાઈપલાઈનમાં છે. ડાયરેક્ટર આનંદ એલ. રાય અને ધનુષની ફિલ્મ રાંઝણા ૨૦૧૩માં હિટ રહી હતી, તેઓ આ ફિલ્મની સીક્વલ બનાવવા માગે છે સાઉથના સ્ટાર ધનુષની 'રાંઝણા' ૨૦૧૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મની સીક્વલની તૈયારી ચાલી રહી છે, જેમાં તૃપ્તિ ડીમરીનો લીડ રોલ છે. 'એનિમલ'ની સફળતા પછી તૃપ્તિને કાર્તિક આર્યન સાથે 'ભૂલ ભુલૈયા ૩' પણ મળી છે. તૃપ્તિની પાન ઈન્ડિયા અપીલને જોતાં ધનુષ સાથે લીડ રોલ ઓફર થયો છે. ડાયરેક્ટર આનંદ એલ. રાય અને ધનુષની ફિલ્મ રાંઝણા ૨૦૧૩માં હિટ રહી હતી. તેઓ આ ફિલ્મની સીક્વલ બનાવવા માગે છે. આનંદ દ્વારા ફિલ્મની લીડ એક્ટ્રેસ અંગે ચાલતી અટકળો અંગે કોઈ ખુલાસો થતો નથી. 'તેરે ઈશ્ક મૈં'માં ધનુષનો રોલ પાકો છે. આ ફિલ્મ ગયા વર્ષે એનાઉન્સ થઈ હતી, પરંતુ ધનુષ અન્ય પ્રોજેક્ટમાં રોકાયેલો હોવાથી શૂટિંગમાં વિલંબ થયો હતો. 'તેરે ઈશ્ક મૈં' અંગે વાત કરતા આનંદે જણાવ્યુ હતું કે, આ બંને ફિલ્મો વચ્ચે ખાસ કનેક્શન છે. 'રાંઝણા'ની સીક્વલ તરીકે તેને ઓળખાવવાના બદલે અલગ રોમેન્ટિક સ્ટોરી કહેવી જોઈએ. તેમાં રાંઝણાની, એનર્જી, મૂડ અને ફિલિંગ્સ જોવા મળશે. અગાઉ આ ફિલ્મમાં ક્રિતિ સેનન ફાઈનલ હોવાનુ કહેવાતુ હતું, પરંતુ ક્રિતિ પાસેથી આ ફિલ્મ છીનવાઈ હોય તેમ લાગે છે.



### ચિરંજીવીએ ૧૫૬ ફિલ્મોમાં ૨૪,૦૦૦ ડાન્સ મૂવ પરફોર્મ કર્યા

# ગિનીસ વર્લ્ડ રેકોર્ડે 'મોસ્ટ પ્રોલિફિક' ઈન્ડિયન સ્ટારનું સન્માન ચિરંજીવીને

**૧૯૭૮ના વર્ષમાં ૨૨ સપ્ટેમ્બરે એક્ટિંગમાં ડેબ્યુ કર્યું હતું, ૪૫ વર્ષ બાદ આ જ દિવસે તેમને સન્માનિત કરાયા હતા, આ પ્રસંગે આમિર ખાને પણ ચિરંજીવી સાથે હાજરી આપી હતી**

સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મેગા સ્ટાર કહેવાતા ચિરંજીવીને રવિવારે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ સર્ટિફિકેટ એનાયત થયુ હતું. આ સર્ટિફિકેટમાં તેમને ભારતીય ફિલ્મ જગતના 'મોસ્ટ પ્રોલિફિક સ્ટાર' ગણવવામાં આવ્યા હતા. હૈદરાબાદ ખાતે યોજાયેલી એક ઈવેન્ટમાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિએ ચિરંજીવીને આ સર્ટિફિકેટ આપ્યું હતું. ચિરંજીવીને ૨૦મીએ આ સન્માન પ્રાપ્ત થયું હતું અને ૨૨મીએ એક ઈવેન્ટમાં સર્ટિફિકેટ અપાયુ હતું. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળશે તેવું ક્યારેય વિચાર્યું ન હતું. ફિલ્મ કરિયરના આ વર્ષોમાં ડાન્સ એ તેમના જીવનનો ભાગ છે. ચિરંજીવીએ ૪૫ વર્ષની કરિયરમાં ૧૫૬ ફિલ્મો કરી છે. જેમાં ૫૩૭ સોન્ગ્સ હતા અને આ તમામમાં તેમણે ૨૪,૦૦૦ ડાન્સ મૂવ પરફોર્મ કર્યા છે. ચિરંજીવીએ ૧૯૭૮ના વર્ષમાં ૨૨ સપ્ટેમ્બરે એક્ટિંગમાં ડેબ્યુ કર્યું હતું. ૪૫ વર્ષ બાદ આ જ દિવસે તેમને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે આમિર ખાને પણ ચિરંજીવી સાથે હાજરી આપી હતી. આમિરે ચિરંજીવીને પોતાના મોટા ભાઈ ગણાવ્યા હતા. આમિરે કહ્યું હતું કે, ચિરંજીવીએ દરેક ગીતમાં પોતાનો જીવ રેડીને ડાન્સ કર્યો છે અને તેઓ દરેક ડાન્સને એન્જોય કરે છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ એક્સ પોસ્ટમાં ચિરંજીવીના આ સન્માનને તેલુગુ લોકોના સન્માન સમાન ગણાવ્યું હતું. ચિરંજીવીએ તેલુગુ ઉપરાંત હિન્દી, તમિલ અને કન્નડ ભાષાની ફિલ્મોમાં કામ કરેલું છે. ૨૦૦૬માં તેમને દેશના નાગરિક સન્માન પદ્મભૂષણથી સન્માનિત કરાયા હતા. આ વર્ષે દેશનું બીજું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિભૂષણ તેમને એનાયત થયુ હતું.



# ફવાદ ખાનની કમબેક ફિલ્મમાં રિદ્ધિ ડોગરાએ વાણી કપૂરને રીપ્લેસ કરી હતી

પાકિસ્તાની એક્ટર્સને આવકારવા માટે બોલિવૂડ લાંબા સમયથી થનગની રહ્યું છે. જો કે ઓડિયન્સમાં બોયકોટ બોલિવૂડ ટ્રેન્ડ થવાની આશંકાથી નવા પ્રોજેક્ટ્સ શરૂ થઈ શકતા નથી. પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની છેલ્લી બોલિવૂડ ફિલ્મ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી, જેને કરણ જોહરે પ્રોડ્યુસ કરી હતી. પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની છેલ્લી બોલિવૂડ ફિલ્મ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી, જેને કરણ જોહરે પ્રોડ્યુસ કરી હતી આ ફિલ્મ પછી ભારતીય ઓડિયન્સે પાકિસ્તાની કલાકારોનો વિરોધ શરૂ કરતાં ફવાદ ખાનને અન્ય પ્રોજેક્ટ્સ મળ્યા ન હતા. પાકિસ્તાન પ્રત્યેનો અણગમો ઘટી રહ્યો હોવાનું લાગતા ફવાદ સાથે ફિલ્મ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અગાઉ ફવાદની કમબેક ફિલ્મમાં વાણી કપૂરનો લીડ રોલ ફાઈનલ કહેવાતો હતો. જો કે વાણીના બદલે આ ફિલ્મમાં શાહરૂખ સાથે 'જવાન'માં કામ કરનારી રિદ્ધિ ડોગરાને લીડ રોલ અપાયો છે. રણબીર કપૂર અને ઐશ્વર્યા રાયનો લીડ રોલ ધરાવતી ફિલ્મ એ દિલ હૈ મુશ્કિલ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી, જેમાં ફવાદ ખાનનો મહત્ત્વનો રોલ હતો. ફવાદને ફિલ્મમાં લાવતા પહેલાં થીયેટર પ્રોજેક્ટનો અખતરો થયો છે, જેમાં ફવાદ સાથે રિદ્ધિ ડોગરા છે. ફવાદની કમબેક ફિલ્મમાં મૌનીને ધક્કો મારીને રિદ્ધિની પસંદગી થઈ હોવાનું અનુમાન છે. ફવાદની આ ફિલ્મના ડાયરેક્ટરનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ ફવાદ ખાન રોમેન્ટિક ફિલ્મથી કમબેક કરવાનો છે. ફવાદની આગામી ફિલ્મનું પેપરવર્ક થઈ ગયું છે. જેને જોતાં ફવાદનું કમબેક નિશ્ચિત છે. ફવાદની કમબેક ફિલ્મ અંગે ઓફિશિયલ કોઈ એનાઉન્સમેન્ટ થઈ નથી.



# ક્રિસ હેમ્સવર્થે ટ્રાન્સફોર્મર્સ વનમાં યુવાન ઓપ્ટીમસ પ્રાઇમને અવાજ આપવા વિશે ખુલાસો કર્યો "મેં આ કામ ગર્વથી કર્યું"



। અમદાવાદ, તા.૨૪ ।

ઉત્તેજક પ્રિક્વલ આ લોકપ્રિય ફ્રેન્ચાઈઝીને કેવી રીતે બદલશે તે જાણવા માટે ચાહકો ઉત્સાહિત છે. તેઓ ટ્રાન્સફોર્મર્સ વાર્તાના નવીનતમ પ્રકરણના પ્રકાશનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ક્રિસ હેમ્સવર્થ તેમના ઓન-સ્ક્રીન વ્યક્તિત્વ અને શક્તિશાળી અભિનય માટે જાણીતા છે, અને તે અહીં એક આકર્ષક ચાલ કરે છે. હેમ્સવર્થ ઓપ્ટિમસ પ્રાઈમનું પાત્ર ભજવે છે અને તેણે પાત્રના ઐતિહાસિક વારસાને પોતાની આગવી શૈલી સાથે સંતુલિત કરવાનો છે. તેઓ આ વિશે શું કહે છે તે અહીં છે. હેમ્સવર્થ કહે છે કે તેણે આ કામ ગર્વથી કર્યું છે. "ટ્રાન્સફોર્મર્સ ફ્રેન્ચાઈઝીનો ભાગ બનવું ખૂબ જ સારું લાગે છે. મારા ઘણા મિત્રોની જેમ, હું ટ્રાન્સફોર્મર્સ સાથે રમતા અને તેમના કાર્ટૂન જોઈને મોટો થયો છું. પછીથી હું આ ફિલ્મોના ખૂબ પ્રેમમાં પડી ગયો. ફક્ત સામેલ થવું ખૂબ જ સરસ છે અને Optimus ને તમારો અવાજ આપવાનો રોમાંચ અનન્ય છે. પરંતુ પીટર ક્યુલેને મને વધુ સખત મહેનત કરી છે. મેં તેની વાત સાંભળી અને હું તેના કામનો આદર કરવા માંગતો હતો, પરંતુ તેનો ઓપ્ટિમસ પ્રાઈમ બધું જ જાણે છે, તે શક્તિશાળી અને વૃદ્ધ છે. મૃગશીર્ષ વધુ સાહજિક છે. "અવાજની પિચ અને વિવિધ લયનું અન્વેષણ કરવું એ એક મનોરંજક સર્જનાત્મક યાત્રા રહી છે."

# ડાંગ જિલ્લાના ૩૧૦ ગામોમા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સામૂહિક સોકપિટ કંપોસ્ટ પિટ વગેરે કામો તેમજ મનરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝનના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા



। (માહિતી) ડાંગ, તા.૨૪ ।

"સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા"ના ધ્યેય સાથે, તથા સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત ડાંગ જિલ્લામા પણ, અલગ અલગ થીમ આધારિત સફાઈ ઝુંબેશ શરૂ કરવામા આવી છે. જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયારના માર્ગદર્શન હેઠળ, સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન અંતર્ગત, ગત તારીખ ૨૨મી સપ્ટેમ્બરના રોજ, ડાંગ જિલ્લાના ૩૧૦ ગામોમા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત, સામૂહિક સોક પિટ, કંપોસ્ટ પિટ તેમજ મનરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝન સાથે, ૧૬૦૦ જેટલા વ્યક્તિગત સોકપિટ, અને વ્યક્તિગત કંપોસ્ટ પિટના ૪૨૮ કામો, તેમજ SBM-G યોજનાના સામુહિક કમ્પોસ્ટ પિટહ ૨૫૫ કામોનુ ખાતમુહૂર્ત, અને ૬ કામોનુ લોકાર્પણ, તથા સામુહિક સોકપિટના ૭૭૬ કામોનુ ખાતમુહૂર્ત, અને ૨૧ કામોનુ લોકાર્પણતથાસેગ્રીગેસનસેડના૭કામોનુખાતમુહૂર્ત તાલુકા કક્ષાએથી તાલુકા પ્રમુખશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓના વરદહસ્તે કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમા સ્થાનિક સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના સભ્યો, તાલુકાના મનરેગાનો સ્ટાફ તેમજ SBM નો સ્ટાફ, સહિત મોટી સંખ્યામા ગ્રામજનોઆ કાર્યક્રમમા હાજર રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત લોક ભાગીદારીથી સાફ – સફાઈની કામગીરી કરવામાં આવી



। (માહિતી) વલસાડ, તા.૨૪ ।

સફાઈની કામગીરી કરવામાં આવી રંગોળી, વોલ પેઈન્ટિંગ, સ્વચ્છતા રેલી તેમજ સ્વચ્છતા સફાઈ જેવી પ્રવૃતિઓનું આયોજન થયું વલસાડ જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર -૨૦૨૪ સુધી "સ્વચ્છતા હી સેવા (SHS)" કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવેલ છે. જેની થીમ "સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" સાથે આ કેમ્પેઈનનો ઉદેશ્ય વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવવાનો છે. તાઃ ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ ધરમપુર તાલુકાના ખાંડા ગામમાં લોક ભાગીદારીથી સાફ-સફાઈ, સ્વછતા શપથ, કપરાડા તાલુકાનાં કપરાડા ગામના શાકભાજી માર્કેટમાં લોક ભાગીદારીથી સાફ-સફાઈ, પારડી તાલુકાના ચીવલ ગામમાં રેલી, લોક ભાગીદારીથી સાફ-સફાઈ, વોલ પેઈન્ટીંગ, ઉમરગામ તાલુકાના મલાવ ગામમાં લોક ભાગીદારીથી સાફ-સફાઈ અને સ્વછતા અંગેની સમજ આપવામાં આવી હતી. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના હેઠળ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વલસાડ અને SIRD સંસ્થા દ્વારા ઉમરગામ તાલુકામાં સરપંચ અને તલાટી કમ મંત્રીઓની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ તાલુકામાં માલવણ ગામમાં સ્વચ્છતા અંગેની સમજણ, રંગોળી, વાપી તાલુકાના કવાલ ગામમાં સ્વચ્છતા શપથ, સ્વછતા અંગે સમજણ, શોકપીટ અને કંપોસ્ટ પીટ અંગે સમજણ જેવી પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

# વિરમગામ તાલુકાના મોટી કિશોલ ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિશે માહિતી અપાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

વિરમગામ તાલુકાના મોટી કિશોલ ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિશે માહિતી અને માર્ગદર્શન આપવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાટા મોટર્સ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલી આ તાલીમમાં શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. જેમાં લુપ્ત થતી આરોગ્યપ્રદ વનસ્પતિઓનું વાવેતર કરી તેની જાળવણી કરવા વિષયક માર્ગદર્શન આપ્યું હતું. સાથોસાથ ભૂજળ સંગ્રહશક્તિ વધારવા, પાકોમાં આવતા રોગો કેવી રીતે અટકાવવા, જીવામૃત બનાવવાની પદ્ધતિ સહિતના મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ બાદ સ્થાનિક ખેડૂતો રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતો પ્રતિબદ્ધ થયા હતા. ઉલ્લેખનીય છે કે, આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે પર્યાવરણની ગુણવત્તા જાળવવી ખૂબ જરૂરી છે. જેમાં જમીનને પ્રદુષિત થતી બચાવવા અને ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદન મેળવવા માટે પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ મળે તેમ નથી. ત્યારે પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ, એગ્રિકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) તથા વિવિધ ટ્રસ્ટ અને ફાઉન્ડેશન્સ દ્વારા રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી પ્રત્યે ખેડૂતોમાં જાગૃતતા વધે તે માટે વિવિધ આયોજનો થઈ રહ્યા છે.

# અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦નો પ્રારંભ કરાયો




। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત રાજ્યમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજ્યમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ - ૨૦૦૩ના અમલીકરણ માટે ભારત સરકારના સહયોગથી ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. ૨૪ સપ્ટેમ્બરથી અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦નો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લામાં ૨૪ સપ્ટેમ્બરથી ૨૩ નવેમ્બર ૨૦૨૪ સુધી તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ અંતર્ગત તમાકુ મુક્ત શાળા, તમાકુ મુક્ત ગામ સહિતના વિવિધ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, વિશ્વમાં દર વર્ષે તમાકુના કારણે ૮૦ લાખ લોકાના મૃત્યુ થાય છે અને પરોક્ષ ધુમ્રપાનની અસરથી વિશ્વમાં દર વર્ષે ૧૦ લાખ લોકો મૃત્યુને ભેટે છે. વિશ્વમાં દર છ સેકન્ડે ૧ વ્યક્તિનું તમાકુના સેવનના કારણે મૃત્યુ થાય છે. વિશ્વમાં દર મિનિટે ૧૦ વ્યક્તિનું તમાકુના સેવનના કારણે મૃત્યુ પામે છે. પ્રત્યેક સિગારેટ એક વ્યક્તિના ૧૧ મિનિટ જેટલા જીવનનો ઘટાડો કરે છે. આશરે ૧૮ ટકા હાયરફિલ્ડના વિદ્યાર્થીઓ સિગારેટ અને તમાકુનું સેવન કરે છે. તેમણે વધુમાં કહ્યું કે, દસમાંથી નવ ફેફસાના કેન્સર માટે તમાકુ જવાબદાર હોય છે. તમાકુનું સિગારેટ, બીડી, ગુટખા અને હુક્કા જેવા ઘણા બધા સ્વરૂપોમાં સેવન કરવામાં આવે છે. તમાકુમાં નિકોટીન નામનો એક અત્યંત નશાવાળો પદાર્થ હોય છે. નિકોટીન થોડા સમય માટે ખૂબ આનંદ આપે છે, પરંતુ લાંબા સમયે તે હૃદય, ફેફસાં, પેટ અને જ્ઞાનતંતુઓ પર વિપરીત અસર કરે છે. વ્યક્તિને શારીરિક અને ભાવનાત્મક રૂપે નિકોટીનનું વ્યસન થઈ જાય છે અને તેના કારણે ઘણી બધી સ્વાસ્થ્યની ગંભીર અસર ઘેરી વળે છે. તમાકુના સેવનથી ઉધરસ સાથે ગળામાં બળતરાની શરૂઆત થવી, શ્વાસમાંથી ગંધ આવવી અને કપડાંમાંથી ગંધ આવવી, ચામડી કરચલીવાળી થવી, કેન્સર, દાંતો પીળાં થઈ જવા, ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે હૃદયની બીમારી, શ્વાસનળીમાં સોજો આવવો, ન્યુમોનિયા, આંચકા આવવાં જેવી તમાકુની ખરાબ અસરો થઈ શકે છે.

# ઝાલોદ મામલતદારને તોરણી પ્રા. શાળામાં અભ્યાસ કરતી બાળકી સાથે કરેલ દુષ્કર્મ બાદ હત્યાના વિરોધમાં આરોપીને ફાંસીની માંગ કરાઈ

## ભીલ પ્રદેશ યુવા મોરચા દ્વારા તાત્કાલિક પગલાં લઈ આરોપીને ફાંસી મળે તેની માંગ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ ભીલ પ્રદેશ યુવા મોરચા સાથે જોડાયેલ સહુ લોકો આજ રોજ બપોરે ૧૨:૩૦ વાગે ઝાલા વસૈયા ચોક પર મોટા પ્રમાણમાં બાળાઓ તેમજ વિધાર્થીઓ ભેગા થઈ મામલતદાર કચેરી સુધી હાથોમાં બેનર તેમજ આરોપી ગોવિંદ નટને ફાંસી મળે તેવા સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી હતી.

આ રેલીમાં તોરણી ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ૬ વર્ષની બાળા સાથે તેના જ સ્કૂલના પ્રિન્સિપાલ ગોવિંદ નટ દ્વારા શ્રુષ્ટી વિરુદ્ધનુ કૃત્ય કરી બાળકીની હત્યા કરી હતી. જે શિક્ષકનો રોલ બાળકોને જીવવાનો અને તેના જીવનના ઘડતરમા અમૂલ્ય ફાળો હોય તે જ સ્કૂલોમાં બાળકો સુરક્ષિત ન હોય તો બાળકોને ક્યાં ભણવા મોકલવા તેમજ બાળકોનું ઘડતર કેવી રીતે કરવું તેવો વેધક સવાલ દરેક બાળકીના પિતાને આજે થઈ રહેલ છે. શિક્ષણ જગતને શરમાવે તેવું કૃત્ય જો શિક્ષક કરે તો બાળકીઓ ના પિતા કોના પર ભરોસો મૂકે...

ભીલ પ્રદેશ યુવા મોરચા સાથે મોટા પ્રમાણમાં અભ્યાસ કરતી બાળાઓ તેમજ આગેવાનો ભેગા થઈ મામલતદારને આવેદનપત્ર આપતા આ સમગ્ર ઘટના કલંકિત છે અને આ ઘટનાનો દરેક સમાજના લોકો આજે નિંદા કરી રહેલ છે.

ભારતીય સમાજમાં આવી નિંદનીય અને કલંક રૂપ ગણાય તેવી ઘટના જે બાળકી સાથે થયેલ છે તેના ભાગ રૂપે આરોપી નરાધમને ફાસ્ટ ટ્રેક કોર્ટમા સમય મર્યાદામા ઝડપી કેસ ચલાવી આરોપીને ફાંસી આપવામાં આવે તેમજ આરોપીની મિલકત ટાંચમા લઈ ન્યાયનો ઐતિહાસિક દાખલારૂપ ઉદાહરણ પૂરું પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. તેમજ આરોપીને ૧૦ થી ૧૫ દિવસમાં જો સજા નહીં આપવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ભીલ પ્રદેશ યુવા આદિવાસી પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

# "સ્વચ્છતા એ જ સેવા" અભિયાન અંતર્ગત અમદાવાદ મંડળમાં વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ



। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨ ઓક્ટોબર ૨૦૨૪ સુધી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં પણ સતત પ્રયાસો કરી રહ્યું છે. આ પ્રયાસોના ભાગરૂપે, "એક વૃક્ષ માતાના નામે" અભિયાન હેઠળ અમદાવાદ મંડળમાં વિવિધ સ્થળોએ મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત અમદાવાદ મંડળના વાણિજ્ય વિભાગ દ્વારા ગુડ્ઝ શેડ કાંકરિયા, ગુડ્ઝ શેડ હિંમતનગર, ગુડ્ઝ શેડ મહેસાણા, ગુડ્સ શેડ હળવદ, ગુડ્ઝ શેડ ચિરઈ, ગુડ્સ શેડ સિદ્ધપુર, ગુડ્ઝ શેડ ગાંધીધામ સહિત વિવિધ સ્થળો પર છોડ લગાવવામાં આવ્યા

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ રેલ્વેના તમામ કર્મચારીઓને ઓછામાં ઓછું એક વૃક્ષ લગાવવાની અપીલ કરી છે જેથી કરીને સુરક્ષિત રાખી શકાય અને પર્યાવરણ જાળવણીનો સંદેશ પ્રજાને આપી શકાય.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરીમાં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે તથા તમને અપેક્ષાથી વધારે વળતર અપાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. તમારી માટે પ્રેમ પવનમાં છે.

## વડોદરાની આઠ ખાનગી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડના નિયમોનો ભંગ કરવામાં આવ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરાના આયુષ્યમાન કાર્ડના લાભો અંગે ફરિયાદો બાદ તપાસ હાથ ધરવામાં આવી છે. વડોદરાની આઠ ખાનગી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડના નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. પાલિકા અને રાજ્યના આરોગ્ય વિભાગની ટીમની ચેકિંગમાં ક્ષતિઓ ઝડપાઈ છે. કીમો થેરાપી અને દવાના ઓવરડોઝ અંગેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આયુષ્યમાન કાર્ડ હોવા છતાં રોકડ રકમ લઈને રીસીપ્ટ નહીં અપાતી હોવાની ફરિયાદ નોંધવામાં આવી હતી. હિમાલયા કેન્સર હોસ્પિટ, બેક્કર હાર્ટ હોસ્પિટલ, ટર્નિંગ હોસ્પિટલ સામે ફરિયાદ નોંધાવી છે. તેમજ અંજના હોસ્પિટલ, નાઈક હોસ્પિટલ, નારાયણ સ્મૃતિ હોસ્પિટલનો પણ સમાવેશ થયો છે. આ ઉપરાંત SMH હોસ્પિટલ અને વાઈટલ હોસ્પિટલમાં પણ નાની મોટી ક્ષતિઓ બહાર આવી છે.

## અમદાવાદમાં વધુ એક તથ્યકાંડ સર્જાતા રહી ગયો, લોકોએ આપ્યો મેથીપાક

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં નબીરા બેફામ બન્યા છે. અમદાવાદમાં ફરીથી તથ્યકાંડ જેવી ઘટના બનતાબનતાં રહી ગઈ છે. અમદાવાદમાં વૈષ્ણોદેવી અડાલજ રોડ પર આવેલા ત્રિમંદિર પાસે ગઈકાલે રાત્રે કાર ચાલકે બે લોકોને ટક્કર મારી, કાર ચાલક ત્યાંથી ભાગીને ચાંદખેડા વિસ્તારમાં પહોંચ્યો, જ્યાં તેણે એક વ્યક્તિનું અપહરણ પણ કર્યું. અથડામણ બાદ ભાગી રહેલા કાર ચાલકનો સ્થાનિક લોકોએ પીછો કર્યો હતો. બંને યુવાનો નશાની હાલતમાં હોવાના ગંભીર આક્ષેપો લોકોએ કર્યા હતા. આખરે સ્થાનિક લોકોએ કાર ચાલકને પકડી લીધો હતો. જો કે તે સમયે કારમાં બે યુવકો હતા પરંતુ એક યુવક તકનો લાભ ઉઠાવી નાસી જવામાં સફળ રહ્યો હતો. લોકોએ અન્ય યુવકને મેથીપાક આપ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલાઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કારમાંથી દારૂની બોટલ મળી આવી. બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર ચાલકની અટકાયત કરી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભયાનક યુદ્ધનાં ભણકારા

## ઇઝરાયેલને લેબેનોન પર હુમલો, મહિલાઓ-બાળકો સહિત ૪૯૦નાં મોત

। (પ્રતિનિધી) ઇઝરાયેલ, તા.૨૪ ।

લેબેનોન પર સોમવારે ઈઝરાયેલી હુમલાઓમાં ૯૦થી વધુ મહિલાઓ અને બાળકો સહિત ૪૯૦થી વધુ લોકો માર્યા ગયા, લેબેનોની અધિકારીઓએ કહ્યું કે આ ૨૦૦૬ના ઈઝરાયેલ હિઝબુલ્લાહ યુદ્ધ પછીનો સૌથી ઘાતક હુમલો છે. ઈઝરાયેલી સેનાએ હિઝબુલ્લાહ વિરુદ્ધ પોતાના વ્યાપક હવાઈ અભિયાન પહેલાં દક્ષિણી અને પૂર્વી લેબેનોનના રહેવાસીઓને ખાલી કરવાની ચેતવણી આપી હતી. બૈરુતના દક્ષિણી ઉપનગરમાં હિઝબુલ્લાહના સીનિયર કમાન્ડર અલી કરાકીને પણ નિશાન બનાવવામાં આવ્યા હોવાની માહિતી છે. ઈઝરાયેલે કહ્યું છે કે તેણે હિઝબુલ્લાહના ૮૦૦થી વધુ ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે, જ્યાંથી ઈઝરાયેલ પર હુમલા કરવામાં આવતા હતા અથવા તો ત્યાં હુમલાની તૈયારી કરવામાં આવતી હતી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ત્યાં માટે વધારાના સૈનિકો અને હથિયારોનો જથ્થો રવાના કરી દીધો છે. વિસ્તારની બગડતી સ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી છે. ૨૦૦૬માં થયેલા ઈઝરાયેલ અને હિઝબુલ્લાહના યુદ્ધ પછી બંને પક્ષોના સંઘર્ષમાં લેબેનોન માટે સોમવાર (૨૩ સપ્ટેમ્બર)નો દિવસ સૌથી વધુ રક્તપાતવાળો રહ્યો. હમાસના સમર્થનમાં એક વર્ષ પહેલાં હિઝબુલ્લાહની છેડેલી લડાઈ હવે તેના પર ભારે પડતી દેખાઈ રહી છે. તાજા હુમલાઓમાં ઈઝરાયેલી લડાકુ વિમાનો હુમલા માટે લેબેનોનમાં ઘણા નીચે ઉડાન ભરી રહ્યા છે અને હિઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે તાજી કાર્યવાહી હિઝબુલ્લાહના હજારો રોકેટો અને મિસાઈલોને નષ્ટ કરવા માટે કરવામાં આવી હતી. આ યુદ્ધ લેબેનોન વિરુદ્ધ નથી. જ્યારે હિઝબુલ્લાહે કહ્યું છે કે તે ઈઝરાયેલ અને કબજા હેઠળના વેસ્ટ બેંકના લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. હિઝબુલ્લાહના હુમલાઓમાં સોમવારે એક ઈઝરાયેલી નાગરિકના ઘાયલ થવાની પુષ્ટિ થઈ છે. દિવસે દિવસે તીવ્ર થતા ઈઝરાયેલી હુમલાઓથી લેબેનોની નાગરિકોને હવે યુદ્ધ છેડાવાનો ભય સતાવવા લાગ્યો છે. તેઓ કહી રહ્યા છે કે લેબેનોન યુદ્ધ ઝીલવાની સ્થિતિમાં નથી અને જાન માલના ભારે નુકસાનની આશંકા છે. ઈઝરાયેલી હુમલાઓથી બચવા માટે સીમાની નજીકના દક્ષિણી વિસ્તારમાંથી નાગરિકો સુરક્ષિત સ્થળોએ ભાગી રહ્યા છે, લેબેનોન સરકાર તેમના માટે કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવામાં લાગી ગઈ છે. આ દરમિયાન ઈઝરાયેલી સેનાએ ખાસ કરીને હિઝબુલ્લાહના પ્રભાવ હેઠળના દક્ષિણી લેબેનોનના સામાન્ય લોકોને સશસ્ત્ર સંગઠનના ઠેકાણાઓથી દૂર રહેવાની ચેતવણી આપી છે.

### નિવેદનથી ફરી વિવાદ સર્જાયો

## કોંગ્રેસ સરકાર ઋણ લઈને સોનિયા ગાંધીને આપે છે : સાંસદ કંગના રનૌત

### બોલીવુડ અભિનેત્રીમાં રાજકારણમાં પ્રવેશેલા સાંસદ કંગના રનૌત વિવાદિત નિવેદનોને લઈને હંમેશા ચર્ચામાં રહે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

બોલીવુડ અભિનેત્રીમાં રાજકારણમાં પ્રવેશેલા સાંસદ કંગના રનૌત વિવાદિત નિવેદનોને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. હિમાચલપ્રદેશના એક ગામમાં ભાજપના સદસ્યતા અભિયાનને શરુ કર્યા પછી લોકોને સંબોધિત કરતી વખતે ભાજપના સાંસદ કંગન રનૌતે આક્ષેપ મુક્યો છે કે હિમાચલપ્રદેશની સરકાર ઋણ લઈને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીને આપે છે, જેના કારણે રાજ્યની તિજોરી ખોખલી થઈ ગઈ છે. તેમના નિવેદનથી ફરી વિવાદ સર્જાયો છે. કંગના રનૌત આટલું કહીને અટકી નહીં, પરંતુ વધુ આક્ષેપ મુકીને એમ પણ કહ્યું કે, સૌ કોઈ જાણે છે કે કોંગ્રેસ ભ્રષ્ટાચારમાં લીન છે અને કોંગ્રેસ શાસિત રાજ્ય સરકારોએ પોત-પોતાના રાજયોને ખોખલા કરી દીધા છે. કંગના રનૌતે આશ્ચર્ય વ્યક્ત કર્યુ કે, પાર્ટી ચૂંટણી પર આટલો ખર્ચો કેવી રીતે કરે છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુક્ખુના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર પર હુમલો કરીને કંગના રનૌતે કહ્યું કે, એ ઋણ લે છે અને સોનિયા ગાંધીને આપે છે, જેનાથી રાજ્ય ખોખલું થઈ ગયું છે. આફતો અને કોંગ્રેસ સરકારે રાજ્યના પાછળ ધકેલી દીધું છે અને હું લોકોને વર્તમાન સરકારને ઉખેડી ફેંકવા અપીલ કરું છું. કંગનાએ આરોપ લગાવ્યો કે, જો તમે રિલીફ ફંડમાં પૈસા આપો છો, તો એ સીએમ રાહત ફંડમાં જવા જોઈએ, પરંતુ સૌ કોઈ જાણે છે કે એ સોનિયા રાહત ફંડમાં જાય છે.



### કેજરીવાલ જનતાની અદાલતમાં પહોંચ્યા

## હું ભ્રષ્ટાચાર કરવા કે પૈસા કમાવા રાજકારણમાં આવ્યો નથી : કેજરીવાલ

### આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા બાદ દિલ્હીનું રાજકારણ કળી ઉઠ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા બાદ દિલ્હીનું રાજકારણ કળી ઉઠ્યું છે. કેજરીવાલે રાજીનામું આપ્યા બાદ આતિશી દિલ્હીના મુખ્યપ્રધાન બન્યા છે. કેજરીવાલ હવે પાર્ટીને મજબૂત કરવા માટે કામે લાગી ગયા છે, કેજરીવાલે રવિવારે દિલ્હીના જંતર-મંતર મેદાન ખાતે 'જનતા કી અદાલત'નું આયોજન કર્યુ હતું. આ દરમિયાન તેમણે છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારના કામોની વિગતો લોકોને આપી અને કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપો મુક્યા હતા. કેજરીવાલે કહ્યું, ''અમે છેલ્લા દસ વર્ષમાં ઈમાનદારીથી સરકાર ચલાવી. વીજળી અને પાણી મફત આપ્યા, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઉત્તમ બનાવી. પરંતુ મોદીજીને લાગ્યું કે જો તેમણે અમારા પર વિજય મેળવવો હશે તો તેમણે અમારી ઈમાનદારી પર પ્રહાર કરવો પડશે. તેઓએ અમને બેઈમાન સાબિત કરવાનું ષડયંત્ર રચ્યું અને આ અંતર્ગત મને, સિસોદિયા અને મારી પાર્ટીના ઘણા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા.'' રાજીનામા અંગે કેજરીવાલે કહ્યું કે, ''મેં રાજીનામું આપ્યું કારણ કે હું ભ્રષ્ટાચાર કરવા કે પૈસા કમાવવા માટે રાજકારણમાં આવ્યો નથી. મારો હેતુ દેશની રાજનીતિ બદલવાનો છે. હું જલ્દી જ સીએમ બંગલો ખાલી કરી દઈશ, હાલ મારી પાસે પોતાનું ઘર નથી.'' કેજરીવાલે ભાવુક થતા કહ્યું કે, ''દસ વર્ષમાં મેં માત્ર જનતાનો પ્રેમ જ કમાયો છે. ઘણા લોકોએ મને ફોન કરીને મારું ઘર લઈ લો. શ્રાદ્ધ પૂર્ણ થયા બાદ અને નવરાત્રિ શરૂ થશે, હું કોઈના ઘરે રહેવા જઈશ.'' કેજરીવાલે કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું, ''આ નેતાઓ પર આરોપોની કોઈ અસર નથી કારણ કે તેઓ જાડી ચામડીના છે. પરંતુ હું કોઈ નેતા નથી, હું એક સામાન્ય માણસ છું અને મારા પર લાગેલા આરોપો મને અસર કરે છે.

## રાજકોટના જસદણમાં 3 વર્ષથી ફરાર આરોપીની ધરપકડ

। રાજકોટ, તા.૨૪ ।

રાજકોટના જસદણમાં છેલ્લા ત્રણ વર્ષતી ફરાર આરોપીની પોલીસે અંતે ધરપકડ કરી છે. રાજકોટના દેવપરા ગામમાં થયેલી હત્યાના કેસમાં આરોપી ફરાર હતો. પોલીસે માહિતીને આધારે વિંછીયા બાયપાસ નજીકથી આરોપી અમિતકુમાર શીશારામ જાજડીયાની ધરપકડ કરી હતી. એલસીબી પોલીસે તેની ધરપસડ કરી હતી. આરોપી મુળ રાજસ્થાનનો વતની હોવાનું પોલીસે જણાવ્યું હતચું. તેણે ૨૦૨૧માં એક વૃધ્ધની હત્યા કરી નાંખી હતી. હત્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. આરોપીએ વૃધ્ધને હની ટ્રેપમાં ફસાવી લૂંટી લેવાનો પ્લાન બનાવ્યો હતો અને બાદમાં હત્યા કરી નાંખી હતી.

### ૫૦થી વધુ મહિલાઓ સાથે લગ્ન

## ક્રાઈમ બ્રાન્ચે ઈન્ટરસ્ટેટ વોન્ટેડ ગુનેગાર મુકીમ અય્યુબ ખાનની ધરપકડ કરી

### રાજ્યોમાં આવી ઘટનાઓમાં સંડોવાયેલો છે અને વિવિધ રાજ્યોની પોલીસ તેને શોધી રહી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ઈન્ટરસ્ટેટ વોન્ટેડ ગુનેગાર મુકીમ અય્યુબ ખાનની ધરપકડ કરી છે. અય્યુબ વડોદરા, ગુજરાતનો કાયમી રહેવાસી છે. તેમની ઉંમર ૩૮ વર્ષની છે. અય્યુબે લગ્નના બહાને મેટ્રિમોનિયલ વેબસાઈટ્સ દ્વારા ૫૦ થી વધુ મહિલાઓને છેતર્યા હોવાનો આરોપ છે. તે વરિષ્ઠ સરકારી અધિકારી હોવાનો નાટક કરીને છોકરીઓને લલચાવતો હતો. તે ઘણા રાજ્યોમાં આવી ઘટનાઓમાં સંડોવાયેલો છે અને વિવિધ રાજ્યોની પોલીસ તેને શોધી રહી હતી. અય્યુબના લગ્ન ૨૦૧૪માં થયા હતા અને તેમના ત્રણ બાળકો છે. તેમ છતાં તે છેલ્લા ચાર વર્ષથી લગ્નના નામે મહિલાઓ અને યુવતીઓને છેતરી જુદા જુદા રાજ્યોમાં નાસતો ફરતો હતો. તેનો પ્રથમ શિકાર ગુજરાતના વડોદરાની છૂટાછેડા લીધેલી મહિલા હતી. શાદી.કોમ પર પ્રોફાઈલ બનાવીને અય્યુબે આ વર્કિંગ વુમનને પોતાની જાળમાં ફસાવી હતી.તેની પ્રોફાઈલમાં તેણે પોતાને સરકારી અધિકારી બતાવ્યો હતો. આ ઉપરાંત પ્રોફાઈલમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે તેની પત્નીનું અવસાન થયું છે. વાતચીત દરમિયાન, તેણે મોટું હૃદય બતાવ્યું અને મહિલા અને તેના પરિવારને કહ્યું કે તેને કોઈ કમી નથી. તે પોતાની દીકરી માટે માત્ર માતા ઈચ્છે છે. આવી સ્થિતિમાં, મહિલાના પરિવારના સભ્યો અય્યુબની વાતથી પ્રભાવિત થયા અને તેઓએ તેમની પુત્રીના લગ્ન તેની સાથે કરી દીધા.

આ પછી, એટલે કે ૨૦૨૦ થી, અય્યુબે બીજી ફેક પ્રોફાઈલ બનાવીને દેશભરની છોકરીઓ અને મહિલાઓને ફસાવવાનું શરૂ કર્યું. પહેલા તે મેટ્રિમોનિયલ વેબસાઈટ દ્વારા છોકરીઓને લલચાવીને મોટી મોટી વાતો કરતો હતો, પછી મહિલાઓને ઈમોશનલી બ્લેકમેલ કરીને તેની મૃત પત્ની અને દીકરીના ફોટા બતાવતો હતો. જેના કારણે યુવતીઓ તેના પર ભરોસો કરતી અને તે તેમની સાથે લગ્ન કરીને પૈસા પડાવી લેતો અને પછી ફરાર થઈ જતો.

## મધ્યપ્રદેશમાં ભયાનક માર્ગ અકસ્માત, ઓટો સાથે ટ્રકની ટક્કર, ૭ના મોત, 3 ઘાયલ

। (એજન્સી) ધ્યપ્રદેશ, તા.૨૪ ।

દમોહ તમન્ના તિરાહે પાસે એક ટ્રકે એક ઓટોને કચડી નાખ્યો, જેમાંથી ૭ લોકોના મોત અને ૩ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. તમામ ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં વ્યસ્ત છે કે મૃતક અને ઘાયલ લોકો ક્યાંના છે અને તેઓ કોણ છે તેની પણ માહિતી મેળવવામાં આવી રહી છે. સામન્ના તિરહાઈ પાસે એક ટ્રક દ્વારા ઓટોને કચડી નાખવાની ઘટનામાં ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક શ્રુતકીર્તિ સોમવંશીએ જણાવ્યું કે લગભગ ૬ કે ૭ લોકોના મોત અને કેટલાક લોકો ઘાયલ થયાના સમાચાર છે. તે ક્યાંનો છે તે જાણી શકાયું નથી, જેનું મૃત્યુ થયું છે તે માત્ર એક અંદાજ છે અને તેને સારવાર માટે મોકલવામાં આવ્યો છે.

## પાકિસ્તાની ફિલ્મ ૧૦ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થશે

। (એજન્સી) પાકિસ્તાન, તા.૨૪ ।

પાકિસ્તાન અભિનેતા ફવાદ ખાને ભારતની અનેક ફિલ્મોમાં કામ કર્યું છે, તેને ચાહકો પસંદ પણ કરે છે.આલિયાથી લઈ સોનમ કપુર સાથે પણ કામ કરી ચૂક્યો છે. પરંતુ જ્યારથી પાકિસ્તાનના કલાકારો પર પ્રતિબંધ લાગ્યો છે. ત્યારથી ભારતીય ચાહકોથી અભિનેતા દુર થયો છે. પ્રતિબંધ બાદ ભારતમાં ૧૦ વર્ષ બાદ પહેલી પાકિસ્તાની ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે જેને લઈ ચાહકો પણ ખુબ ઉત્સુક છે.પાકિસ્તાની ફિલ્મ ધ લીજેન્ડ ઓફ મૌલા જટ્ટે દુનિયા ભરમાં ધમાલ મચાવી હતી. ફવાદ ખાન અને માહિરા ખાનની આ ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. એક રિપોર્ટ મુજબ આ ફિલ્મે દુનિયાભરમાં ૪૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. આ દરમિયાન તે ભારતમાં રિલીઝ થઈ ન હતી હવે આ ફિલ્મ રિલીઝ થયાના ૨ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થશે પરંતુ વિવાદો વચ્ચે આ ફિલ્મ માત્ર એક જ રાજ્યમાં રિલીઝ થશે, તેવા રિપોર્ટ હાલ સામે આવી રહ્યા છે.

ધ લીજેન્ડ ઓફ મૌલા જટ્ટ અત્યારસુધી ભારતમાં રિલીઝ ન થવા પાછળનું કારણ ભારત-પાકિસ્તાન બંન્ને વચ્ચેના સંબંધો છે. હવે અંદાજે ૧૦ વર્ષ બાદ આ ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે , આને લઈને પણ હવે અનેક વિવાદો સામે આવી રહ્યા છે. ત્યારે ચાહકો માટે પણ એક ચોંકાવનાર સમાચાર એ છે કે, આ ફિલ્મ ભારતમાં રિલીઝ થશે નહિ પરંતુ માત્ર પંજાબમાં જ રિલીઝ થશે.


ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ પાકિસ્તાનની સૌથી મોંઘી ફિલ્મ છે. જે ૨૦૨૨માં રિલીઝ થતાં બોકસ ઓફિસ પર છપ્પરફાડ કમાણી કરી હતી. હવે આ ફિલ્મ ૨જી ઓક્ટોમ્બરના રોજ ભારતમાં રિલીઝ થવા માટે તૈયાર છે.હજુ પણ પાકિસ્તાનની ફિલ્મને લઈ વિવાદો સામે આવી રહ્યા છે. રાજ ઠાકરે પણ આ ફિલ્મને લઈ ભડક્યા છે તેમણે કહ્યું કોઈ પણ પાકિસ્તાનના કલાકારોની ફિલ્મ ભારતમાં રિલીઝ થવા દેશે નહિ.

તમને જણાવી દઈએ કે, ફવાદ ખાન અને માહિરા ખાન સ્ટાર ફિલ્મ ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ ૧૯૭૯માં આવેલી ફિલ્મ મૌલા જટ્ટની રીમિકસ છે. જેમણે બિલાલ લશારીએ ડાયરેક્ટ કરી હતી.

## વિશેષ

### રેલી, શાળાઓમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નુક્કડ નાટક, શેરી નાટક, વોલ પેઇન્ટિંગ જેવી વિવિધ રીતે લોકોમાં તમાકુ ખાવાથી થતા નુકસાન વિષે જાણકારી આપશે

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ટોબેકો ફ્રી યુથ કેમ્પેઇનનો પ્રારંભ કરાયો







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય વિભાગ દ્વારા ૨૪ સપ્ટેમ્બરથી *ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈનીંગ 2.0*ની શરૂઆત કરવામાં આવી છે. આ કેમ્પેઈનને ૨૪ સપ્ટેમ્બર થી ૨૩ નવેમ્બર ૨૦૨૪ સુધી ચલાવવામાં આવશે.

આગામી આ ૬૦ દિવસમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રેલી, શાળાઓમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તેમજ સામાજિક સ્તરે નુક્કડ નાટક,શેરી નાટક, વોલ પેઈન્ટિંગ જેવી વિવિધ રીતે લોકોમાં તમાકુ ખાવાથી થતા નુકસાન વિષે જાણકારી અને જ્ઞાન વધે તે માટે જનજાગૃતીની પ્રવૃતી કરવામાં આવશે.

આ ઉપરાંત વર્તમાનમાં આરોગ્ય વિભાગ દ્વારા ''એન્ટી ટોબેકો સ્કવોડ ''ની રચના કરવામાં આવી છે. જે જગ્યાએ તેનું પાલન નથી થતું ત્યાંથી દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૨ મહિનામાં કુલ ૫૧૦ જગ્યાએ આ કાર્યવાહી કરવામાં આવી હતી જેના અંતર્ગત કુલ ૯૦,૧૫૦ જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

આ સાથે સોશિયલ મીડિયા ઉપર વધારે ભાર મૂકીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા #સેવ_ધ_યુથ અને #અબસે બંધ કેમ્પેઈનીંગ શરૂઆત કરી છે. આજના ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦ કાર્યક્રમમાં મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈન દ્વારા તમાકુ મુક્તિ કેન્દ્ર (ટોબેકો સેસેશન સેન્ટર)નું એસ. વી.પી.હોસ્પિટલ ખાતે ઉદઘાટન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત એલ.જી.હોસ્પિટલ ખાતે પણ તમાકુ મુક્તિ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મેયરશ્રી દ્વારા યુવાનોને તમાકુ છોડવા અનુરોધ કરી તે માટે પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ, વી.એસ.હોસ્પિટલના અધિકારીઓ તથા કર્મચારીઓ, નર્સિંગ કોલેજ વી.એસ. હોસ્પિટલના વિદ્યાર્થીઓ, એન.એચ.એલ. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, અધિકારીઓ તથા કર્મચારીઓ અને એસ.વી.પી.હોસ્પિટલના અધિકારી અને કર્મચારીઓ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશના ભાગરૂપે રેલીનું અયોજન પણ કરવામાં આવ્યુ હતું.

આ રેલીમાં ૩૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જાહેર જનતાને પત્રિકાઓ આપી તથા તમાકુ વિરોધી સ્લોગન વાળી કેપ (ટોપી) આપી જાગૃત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ નિષેધ માટે કામગીરી કરવામાં આવે છે. આપ સર્વે જાણો છો કે, વિશ્વમાં થતા મૃત્યુના કારણો પૈકી તમાકુ એક મુખ્ય કારણ તરીકે ઉભરી રહ્યું છે. ભારતમાં વાર્ષિક લગભગ ૧.૩૫ મિલિયન લોકોના મૃત્યુ તમાકુના કારણે થાય છે. ભારતમાં તમાકુનું સેવન કરનાર વ્યક્તિઓની સરેરાશ ઉંમરમાં આવતો ઘટાડો બહુ ચિંતાજનક છે. આ સમસ્યાના નિવારણ માટે ભારત સરકારે હાલમાં ''તમાકુ ફ્રી યુથ કેમ્પેઈન''નો બીજો તબક્કો શરૂ કર્યો છે. આ કેમ્પેઈનમાં મુખ્યત્વે નીચેના વિષય વસ્તુઓ ઊપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ જનજાગૃતિ ફેલાવવી. બીજું, આપણી તમામ એજ્યુકેશનલ ઈન્સ્ટિટયૂટને તમાકુથી મુક્ત કરવી. ત્રીજું હતું, તમાકુ મુક્ત વોર્ડ, ચોથુ, સિગરેટ એન્ડ ટોબેકો પ્રોડક્ટસ્ એક્ટ ૨૦૦૩ નું અસરકારક અમલીકરણ કરાવવું તથા સોશ્યલ મિડીયા ઉપર વધારે ભાર મુકીને દરેક યુવાનો સુધી આ અંગેના મેસેજ પહોંચાડવા કેમ્પેઈનની શરૂઆત કરી છે.

## તાપી જીલ્લાના સોનગઢ ખાતે જનમંચ કાર્યક્રમમાં વેપારીઓ, ખેડુતો, પીડીતોએ પોતાની સમસ્યાઓની વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સમક્ષ રજુઆત કરી



। અમદાવાદ, તા.૨૪ ।

વિરોધપક્ષના નેતા અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "જનતાના અવાજને બુલંદ કરવા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા મજબૂત પ્લેટફોર્મ જનમંચમાં આવેલી આ ફરિયાદોના નિવારણ માટે લોક આંદોલન થકી એક મજબૂત અભિગમ દ્વારા જનસભાથી લઈને વિધાનસભા સુધી મક્કમતાથી લડાઈ લડવા કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે." અમિત ચાવડા, તાપી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભીલાભાઈ ગામીત, પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરી, પુનાજીભાઈ ગામીત, સુનિલભાઈ ગામીત, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા સિધાર્થ ચૌધરી સહિત હોદ્દેદારો અને કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા જેમણે વિવિધ મુદ્દે "જનમંચ"માં રજૂઆતો કરી હતી અને આગેવાનોએ આ પ્રશ્નોના નિરાકરણ માટે સડકથી લઈને વિધાનસભા સુધી ઉઠાવવાની ખાત્રી આપી હતી.

### અમદાવાદ IIMમાં લાગુ થઈ અનામત

## અમદાવાદમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટએ જાહેરાત કરી

### સરકારી માર્ગદર્શિકા મુજબ ૨૦૨૫થી પીએચડી પ્રવેશમાં અનામતનો અમલ કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

"સરકારી માર્ગદર્શિકા" મુજબ ૨૦૨૫ થી પીએચડી પ્રવેશમાં અનામતનો અમલ કરશે.હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદે તેના પીએચડી કાર્યક્રમમાં પ્રવેશ માટે ક્વોટા રજૂ કર્યો છે. આ સ્ટેપનો ઉદ્દેશ્ય અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને વિકલાંગ વ્યક્તિઓ સહિત અનામત વર્ગોના ઉમેદવારોને દેશની ટોચની B-શાળાઓ દ્વારા ઓફર કરવામાં આવતા મેનેજમેન્ટમાં ડોક્ટરલ પ્રોગ્રામ માટે અરજી કરવા સક્ષમ બનાવવાનો છે.સાત વર્ષના લાંબા સંઘર્ષ પછી, સામાજિક ન્યાય અને સમાવેશ માટે લડતા કાર્યકરો હવે વિજયની ઉજવણી કરી રહ્યા છે કારણ કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટએ જાહેરાત કરી છે કે તે ૨૦૨૫ થી તેના પીએચડી કાર્યક્રમોમાં આરક્ષણ લાગુ કરશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ દ્વારા PHD માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. IIM અમદાવાદ પ્રથમ વખત PHDમાં પ્રવેશ માટે અનામત નીતિ લાગુ કરવા જઈ રહી છે, જે અંતર્ગત ઓબીસી, એસસી, એસટી અને વિકલાંગ ઉમેદવારોને પીએચડી કોર્સમાં પ્રવેશ આપવામાં આવશે. આ ઉમેદવારો માટે અમદાવાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં ભણવાની ઉત્તમ તક ઉભી થઈ છે. IIMA, ગયા વર્ષે એક PILજવાબમાં, ગુજરાત હાઈકોર્ટને જાણ કરી હતી કે તે ૨૦૨૫ થી માનદ ડિગ્રી પ્રોગ્રામ્સમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ (OBC) તેમજ વિકલાંગ ઉમેદવારો માટે અનામત લાગુ કરી શકે છે.IIMA વેબસાઈટ પર પોસ્ટ કરાયેલ 'PhD એડમિશન ૨૦૨૫' ની જાહેરાત જણાવે છે કે "પ્રવેશ દરમિયાન આરક્ષણ માટેની ભારત સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે". આગામી વર્ષથી સંસ્થામાં ક્વોટા શરૂ કરવામાં આવશે. ડોક્ટરલ પ્રોગ્રામ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ છે અને ઈન્ટરવ્યું આવતા વર્ષે માર્ચ-એપ્રિલમાં યોજાય તેવી શક્યતા છે. IIM અમદાવાદે ૧૯મી સપ્ટેમ્બરથી PHDની પ્રેક્ટિસ માટે ઓનલાઈન અરજી ફોર્મ બહાર પાડ્યા છે. જેમાં અરજી ફી ૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે પરંતુ અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૫૦ રૂપિયા રહેશે. આ પ્રથમ વખત છે જ્યારે IIM અમદાવાદ અનામત હેઠળ PHD કોર્સમાં ઉમેદવારોને પ્રવેશ આપશે, આ પહેલા IIM અમદાવાદે PHD પ્રવેશ પ્રક્રિયામાં અનામત નીતિ લાગુ કરી ન હતી. IIM અમદાવાદમાંથી અત્યાર સુધીમાં કુલ ૪૭૧ ડોક્ટરલ વિદ્યાર્થીઓ ડોક્ટરલ પ્રોગ્રામમાંથી સ્નાતક થયા છે. વર્ષ ૨૦૨૫ માટ IIM અમદાવાદે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં PHDમાં પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છ. IIM અમદાવાદે ઈકોનોમિક્સ, ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ, ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ, ઈનોવેશન એન્ડ મેનેજમેન્ટ ઈન એજ્યુકેશન, માર્કેટિંગ, ઓપરેશન એન્ડ ડિસીઝન સાયન્સ, ઓર્ગેનાઈઝેશન બિહેવિયર, પબ્લિક સિસ્ટમ્સ અને સ્ટ્રેટેજી માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છે.

## ન્યુઝ બોક્ષ

### ભરૂચમાં હોમગાર્ડ જવાને ૧૫ વર્ષની સગીરા સાથે આચાર્યુ દુષ્કર્મ

। (એજન્સી) ભરૂચ, તા.૨૪ ।

ભરૂચમાં સી ડિવિઝન પોલીસ મથકમાં હોમગાર્ડ જવાન તરીકે ફરજ નિભાવતો અને બે સંતાનના પિતાએ ૧૫ વર્ષની સગીરાને સાથે દુષ્કર્મ કરવા સાથે શારીરિક અડપલાં કરી ફોટા અને વિડીયો બનાવી બ્લેક મેલ કરવા સાથે સગીરાને મોકલતા લંપટ હોમગાર્ડ જવાન સામે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે. ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકમાં સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીની સગીર વયની દીકરી ગૌરી વ્રત પૂર્ણ થયા બાદ બે ત્રણ દિવસ પછી સગીરા તેની દાદીના ઘરે વોશરૂમ માટે ગઈ હતી અને ત્યાં વોશરૂમ કરી નાસતો કરવા માટે ડબ્બો ખોલતી હતી. તે દરમ્યાન આરોપી હેમંત સુરેશ રાણા અચાનક આવી સગીરબાળાને પાછળથી પકડી લઈ તેની લેંગીસ તથા કપડાં ઉતારી તેણીની સાથે ગંભીર પ્રકારનું દુષ્કર્મ કરવા સગીરા શારિરિક અડપલા કરતો હતો. આ તમામ ફોટા અને વિડીયો ઉતારીને સગીરાને બ્લેક મેલ કરી ધમકી આપતો હતો. તેમજ જો સગીરા તેના માતા પિતાને જાણ કરશે તો મારી નાંખવાની ધમકી આપી હતી. બે સંતાનના બાપે પોતાના સંતાનની ઉમરની સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ ભરૂચમાં હવે ખાખી વર્દી ઉપર પણ ડાઘ સમાન ચોંકાવનારી ઘટના સામે આવી છે.જેમાં હોમગાર્ડ જવાને પોતાના જ સંતાનની ઉંમરની સગીર વયની બાળા સાથે દુષ્કર્મ આચરી ગંભીર પ્રકારનું કૃત્ય કરતા પોલીસે પણ ગુનાની ગંભીરતા સમજી તાત્કાલિક આરોપીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ભુજના કુકમા ગામે તલાટી બે લાખની લાંચ લેતાં ઝડપાયો

। (એજન્સી) ભુજ, તા.૨૪ ।

ગ્રામ પંચાયતના ચોપડે મકાનની આકારણી દાખલ કરવાની અવેજમાં ચાર લાખ રૂપિયાની લાંચ માંગી એડવાન્સમાં બે લાખ રૂપિયા લેતા ભુજના કુકમા ગ્રામ પંચાયતનો તલાટી અને પંચાયત સદસ્ય વચેટિયા મારફતે લાંચ લેતાં ઝડપાઈ ગયાં છે. એસીબીએ કરેલી ટ્રેપના પગલે ભારે ચકચાર મચી ગઈ છે. એસીબીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદીએ કુકમા જૂથ ગ્રામ પંચાયતના તલાટી વાઘસિંહ તેજસિંહ વાઘેલા (વર્ગ-૦૩) અને અને પંચાયતના સદસ્ય ઉત્તમ શિવલાલ રાઠોડનો આકારણી સંદર્ભે સંપર્ક કર્યો હતો. બેઉ જણે ચાર લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. ચાર લાખમાંથી પચાસ ટકા એટલે કે બે લાખ રોકડાં રૂપિયા એડવાન્સમાં આપવા જણાવેલું. આ અંગે ફરિયાદીએ ભુજ એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં એસીબીએ આજે છટકું ગોઠવ્યું હતું. તલાટી અને પંચાયત સભ્યએ પોતે રૂબરૂ નાણાં લેવાના બદલે ગામના બસ સ્ટેશન પાસે દાબેલીની લારી ચલાવતાં નિરવભાઈ વિજયભાઈ પરમારને રૂપિયા આપી દેવા જણાવ્યું હતું. જેવા નાણાં અપાયાં કે એસીબીએ તુરંત એક્શનમાં આવી વચેટિયા અને તલાટીને ઝડપી લીધાં હતાં.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં

## હોમિયોપેથી કાઉન્સીલનાં નિયમ વિરૂદ્ધ પરીક્ષા લેતા વિદ્યાર્થીઓએ પિટિશન દાખલ કરી

### કોર્ટે યુનિવર્સિટીને નોટિસ ફટકારી જવાબ માંગ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વિવાદમાં સપડાઈ છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં હોમિયોપેથી કાઉન્સીલનાં નિયમ વિરૂદ્ધ પરીક્ષા લીધી હતી. વિદ્યાર્થીએ નિયમ વિરૂદ્ધ પરીક્ષા આપી હોવાથી રજીસ્ટ્રેશન થયું ન હતું. જે મામલે વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં પિટિશન કરતા કોર્ટે યુનિવર્સિટીને નોટિસ ફટકારી જવાબ માંગ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન હોમિયોપેથી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કાઉન્સિલનો ૧ ૩ નો નિયમ હોવા છતાં કોલેજો દ્વારા ઉપરવટ જઈ પરીક્ષામાં પાસ થવા વધુ ટ્રાયલ આપવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા પાસ થયાની માર્કશીટ પણ મળી ગઈ હતી. તેમજ પ્રોવિઝનલ સર્ટીફિકેટ પણ આપી દેવામાં આવ્યું હતું. ત્યારે વિદ્યાર્થીઓ અમદાવાદ સ્થિત હોમિયોપેથી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરવા માટે જાય છે ત્યારે તેમનું રજીસ્ટ્રેશ નહી થાય તેમ કહેવામાં આવે છે. જે બાબતે એક વિદ્યાર્થી દ્વારા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. જેમાં વિદ્યાર્થીએ કહ્યું હતું કે જો રજીસ્ટ્રેશન ન થઈ શકતું હોય તો યુનિવર્સિટી દ્વારા પરીક્ષા કેમ લેવામાં આવી. ત્યારે હાઈકોર્ટ દ્વારા કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, નેશનલ કાઉન્સિલ તેમજ આયુષ મંત્રાલયને નોટિસ ફટકારવામાં આવી છે. જેને લઈ યુનિવર્સિટી ખાતે મીટીંગ પણ યોજવામાં આવી હતી.

આ બાબતે રાજકોટની ગરૈયા કોલેજામાં હોમિયોપેથીમાં અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલા વિદ્યાર્થીએઓ હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૩ માં ગરૈયા કોલેજમાંથી હોમિયોપેથી પૂર્ણ કર્યું હતું. જે બાદ ૧ ૩ ને બદલે ૧ ૪ સાથે અમે હોમિયોપેથી પૂર્ણ કર્યું હતું. એટલે કે જે વિષયમાં નાપાસ થયા હો તેમાં ત્રણને બદલે ચાર ટ્રાયલ આપવા દીધા હતા. જે બાદ હું પાસ થઈ ગયો હતો. અને અમદાવાદ ખાતે હોમિયોપેથી કૌશલમાં રજીસ્ટ્રેશન કરાવવા ગયો હતો. જ્યાં મને કહેવામાં આવ્યું હતું કે, તે હોમિયોપેથી ૧ ૩ ને બદલે ૧ ૪ સાથે પૂર્ણ કર્યુ છે. જેથી આપનું રજીસ્ટ્રેશન હોમિયોપેથી કાઉન્સિલમાં નહી થાય.જેથી મારૂ તબીબ બનવાનું સ્વપ્ન રોળાયું હતું.

### સુરતમાં ડેન્ગ્યૂથી છેલ્લા ૨ મહિનામાં ૮ વ્યક્તિનાં મોત થયાં

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતમાં રોગચાળાને લઈ ધારાસભ્યએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. રોગચાળાના આંકડામાં સતત વધારો થઈ રહ્યો છે. નવી સિવિલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે નવી સિવિલ તબીબ ડો જિગીષા પાટડિયાએ સ્વીકાર કર્યો છે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ આ બે મહિનામાં રોગચાળામાં વધારો થયો છે. સુરતમાં ડેન્ગ્યૂથી ૨ મહિનામાં ૮નાં મોત થયા છે. સુરત મહાનગર પાલિકા અને સિવિલ હોસ્પિટલના ડેન્ગ્યુના કેસોમાં વિરોધાભાસ છે જેમાં ૪ મહિનામાં પાલિકાના ચોપડે માત્ર ૮૭ કેસ નોંધાયા છે જ્યારે સિવિલમાં ડેન્ગ્યૂના ૨૩૯ દર્દી દાખલ થયા છે. ઓગસ્ટમાં સિવિલમાં ૧૫૫ દર્દી દાખલ થયા જ્યારે સપ્ટેમ્બરના ૧૦ દિવસમાં જ ૨૧ દર્દી દાખલ થયા છે. સાથોસાથ ખાનગી હોસ્પિટલમાં ત્રણ ગણા કેસ નોંધાય છે. ચાલુ સપ્ટેમ્બર માસના સ્મિમેર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલમાં મલેરિયા અને ડેન્ગ્યૂના ૯૪ જેટલા કેસો નોંધાયા છે. જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં એના કરતાં ત્રણ ગણા કેસો નોંધાઈ ચૂક્યા છે. સુરત મહાનગરપાલિકા સવા લાખ ઘરોનો સરવે રોજ કરી રહી છે. અત્યારસુધી ૨૬ લાખ ઘરોનો સરવે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો જેમાંથી ૬૭ હજાર ઘરોમાં મચ્છરોનાં બ્રીડિંગ મળી આવ્યાં. એપ દ્વારા ખાનગી હોસ્પિટલમાંથી આંકડા મંગાવવામાં આવી રહ્યા છે.

### એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં

## કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી, પુરાણ અને કચરો રોડ ઉપર નાખી શકાશે નહીં

### જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

શું તમે પણ મકાન બાંધકામ કે રિનોવેશન કરાવવાનું વિચારો છો તો આ સમાચાર તમારા માટે જ છે. નાગરિકો પોતાના મકાનનું રિનોવેશન, રિપેરિંગ કે નવું બાંધકામ કરતા હોય છે. જેમાં ઉત્પન્ન થતો કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી, પુરાણ અને કચરો (ડેબ્રિજ) હવે રોડ ઉપર નાખી શકાશે નહીં. અમદાવાદમાં મ્યુનિસિપલ તંત્રના વિવિધ પ્રોજેકટો માટે કામ કરતી એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવા સીએનડી (કન્સ્ટ્રક્શન એન્ડ ડેબ્રિજ) વેસ્ટ નાખનારા લોકો સામે કાર્યવાહી કરવા સ્પેશિયલ સ્ક્વોડની રચના કરવામાં આવશે. જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. શહેરમાં વિવિધ જગ્યાએ લોકો દ્વારા પોતાના મકાનનું રિનોવેશન અથવા નવું બાંધકામ કરવામાં આવતું હોય છે. જેનો કન્સ્ટ્રક્શન વેસ્ટમાંથી તૂટેલા ઈંટ અને પથ્થરો વગેરે ખુલ્લા પ્લોટ અથવા રોડ ઉપર ગમે ત્યાં નાખી દેવામાં આવતો હોય છે. મ્યુનિસિપલ તંત્ર તરફથી કન્સ્ટ્રકશન વેસ્ટ નિકાલ માટે અગાઉ નકકી કરવામાં આવેલા દરમાં બેથી ત્રણ ગણો વધારો કરવા નિર્ણય કરાયો છે. શહેરના વિવિધ રોડ ઉપર કન્સ્ટ્રકશન વેસ્ટ પડયો ના રહે એ માટે સાત ઝોનમાં ઝોન દીઠ એક સેનિટેશન સ્કવોડને ફરજ ઉપર મુકાશે. એક મેટ્રીકટનથી ઓછા કન્સ્ટ્રકશન વેસ્ટનો નિકાલ કરવા માટે હવે રુપિયા ૨૦૦ના બદલે રુપિયા ૫૦૦ ચુકવવા પડશે. નાગરિકો દ્વારા રિનોવેશનથી લઈ નવા બાંધકામ દરમિયાન ઉત્પન્ન થતા કચરાના નિકાલ કરવા માટે ૧૫૫૩૦૩ ઉપર ફોન કરીને ફરિયાદ નોંધાવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં નિયત કરેલો ચાર્જ ચૂકવી નિકાલ કરાવી શકે છે. આ ચાર્જમાં હવે બેથી ત્રણ ગણો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક મેટ્રિક ટનથી ઓછો હોય અને તેનાથી વધારે હોય તો પ્રતિ ટ્રિપ અને મેટ્રિક ટન દીઠ ચાર્જ લેવામાં આવે છે. હાલમાં રૂ. ૨૦૦થી લઈ ૧૭૦૦ રૂપિયા સુધીનો ચાર્જ લેવાય છે. એક મેટ્રિક ટનથી ઓછો કન્સ્ટ્રક્શન વેસ્ટ હશે તો ૨૦૦ રૂપિયાની જગ્યાએ હવે ૬૭૫ રૂપિયાનો ચાર્જ લેવામાં આવશે.

## અર્બન હેલ્થ સેન્ટરોમાં તાવના દર્દીઓના ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

શહેરમાં તાવનાં વધતાં પ્રકોપને પગલે મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર લેવા આવતાં દર્દીઓને કયા પ્રકારનો તાવ આવ્યો છે તે જાણવા માટે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં વાયરલ ફિવર, મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા ઉપરાંત સ્વાઈન ફ્લુના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને સ્લમ વિસ્તારોનાં નાગરિકો તાવ આવે એટલે તરત નજીકનાં અર્બન હેલ્થ સેન્ટરમાં દોડી જતાં હોય છે. તેમને વાયરલ ફિવર છે કે મેલેરિયા છે કે ડેન્ગ્યુ થયો છે તે જાણવા માટે બ્લડ ટેસ્ટ કરાવવામાં આવે છે.

છેલ્લા ૨૧ દિવસમાં જ તાવની તપાસ માટે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે ડેન્ગ્યુ થયો છે કે નહિ તે જાણવા માટે ૯૫૦૦થી વધુ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, ચોમાસાની મોસમમાં તેમજ હાલ બદલાયેલાં વાતાવરણમાં વાસી તથા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ આરોગવાનાં કારણે તેમજ પ્રદૂષિત પાણી પીવાના કારણે ઝાડાઉલ્ટી, કમળો, ટાઈફોઈડ તથા કોલેરાનાં રોગચાળામાં ચિંતાજનક વધારો થયો છે. મ્યુનિ. કમિશનર એમ.થેન્નારસને પણ ખોરાકી અને પાણીજન્ય રોગચાળાને લઈ અનેકવાર અધિકારીઓને ખખડાવ્યા છે, તેમ છતાં ફૂડ વિભાગનાં અધિકારી શેઠની શિખામણ ઝાંપા સુધીની કહેવતને અનુસરી કામગીરી કરે છે.

### ચિંતામાં આવી ગયેલી મહિલાએ ગળાફાંસો ખાધો

## વેરાવળમાં પાલિકાએ મકાન પાડવાની નોટિસ આપતાં મહિલાનો આપઘાત

। (એજન્સી) વેરાવળ, તા.૨૪ ।

વેરાવળ નગરપાલિકાએ મકાન પાડી નાખવાની નોટિસ આપતા ચિંતામાં સરી પડેલી મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે તંત્ર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, આ આપઘાત નહીં પણ સિસ્ટમે કરેલું મર્ડર છે. વેરાવળ સરકારી હોસ્પિટલ નજીક મફતીયાપરા વિસ્તારમાં રહેતા માયાબેન રામપદ સરકાર (ઉ.૪૨)એ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે તપાસ કરાતા એવું સામે આવ્યું હતું કે, વેરાવળમાં સિવિલ હોસ્પિટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અનઅધિકૃત દબાણ થયેલા છે. તેને દૂર કરવા ત્રણેક દિવસ પહેલાં પાલીકા તંત્ર દ્વારા અંદાજે ૭૦ લોકોને દબાણો દૂર કરવા નોટિસો પાઠવવામાં આવી હતી.

### વાપી એડિશનલ સેશન્સ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

## કિશોરીને ગર્ભવતી બનાવનાર વિધર્મીને ૨૦ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ

। (એજન્સી) વાપી, તા.૨૪ ।

વાપીના છીરી વિસ્તારમાં રહેતી તરુણીનું વર્ષ ૨૦૨૦માં અપહરણ અને દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવવાના ગુનામાં વિધર્મી આરોપીને વાપી એડિશનલ સેશન્સ કોર્ટે ૨૦ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. આરોપીએ તરુણી સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કર્યા બાદ અવારનવાર એકાંત સ્થળોએ લઈ જઈ શારીરિક શોષણ કર્યું હતું. વાપીના છીરી વિસ્તારમાં રહેતા પરિવારની ૧૬ વર્ષીય કિશોરી ગત ૪ જૂન, ૨૦૨૦ના દિવસે ખમણ લેવા જવાનું કહી નીકળી હતી. ત્યારબાદ ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયા બાદ પરિવારજનોએ ભારે શોખધોળ કરતાં કોઈ ભાળ ન મળતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શોધખોળ દરમિયાન કામિની અને ડુંગરા વિસ્તારમાં રહેતાં સૈફ ઈમરાન મિરઝાને શોધી કાઢયો હતો. પોલીસની સઘન પૂછપરછમાં આરોપી સૈફ મિરઝાએ કબુલ્યું કે કિશોરી સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કર્યા બાદ શાળા તથા અન્ય સ્થળોએ તેણીને મળતો હતો. આ દરમિયાન સૈફે કામવાસનામાં ચકચુર બની એકાંત સ્થળોએ લઈ જઈ ત્રણથી ચાર વખત શારિરિક શોષણ કર્યું હતું. મેડિકલ ચેકઅપ દરમિયાન કામિની ગર્ભવતી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બળાત્કાર સહિતની કલમ ઉમેરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ પીડિતા સહિતના લોકોની જુબાની અને પુરાવા સાથે અનેક પાસાઓ સહિત દલીલો કરી હતી. કોર્ટના ન્યાયમૂર્તિ તરૂણ આહુજાએ દલીલો ગ્રાહ્ય રાખી આરોપી સૈફ મિરઝાને દોષી ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા અને ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારતો મહત્ત્વપૂર્ણ ચૂકાદોઆપ્યોછે.દંડનીરકમનહીંભરેતો આરોપીને વધુ બે વર્ષની સજાની જોગવાઈ કરવામાં છે.

## છેલ્લા ૧૭ વર્ષથી ફરાર વોન્ટેડ આરોપીની અમરેલી LCB એ દબોચી લીધો

। (એજન્સી) અમરેલી, તા.૨૪ ।

અમરેલીમાં હત્યાના ગુનામાં છેલ્લા ૧૭ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીની અમરેલી LCBએ ધરપકડ કરી છે. આ લિસ્ટેડ આરોપી માટે ૧૦ હજારનું ઈનામ પણ જાહેર કરાયુ હતુ. રાજુલા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુનામાં આરોપી છેલ્લા ૧૭ વર્ષથી ફરાર હતો. SPએ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને બિરદાવી પ્રશંસા કરી છે. રાજ્યના ગૃહ વિભાગ તરફથી સૂચના બાદ અમરેલી જિલ્લામાં નાસ્તા ફરતા આરોપીને પકડવા માટે જિલ્લા SP હિમકર સિંહ દ્વારા સૂચના આપતા ગંભીર ગુન્હામાં સંડોવાયેલા ૧૦ નાસ્તા ફરતા ટોપ આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં રૂપિયા ૧૦,૦૦૦ની જાહેરાત કરવામાં આવી હતી. અમરેલી LCB પીઆઈ અલ્પેશ પટેલની ટિમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતા રાજુલા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુન્હામાં લિસ્ટેડ આરોપી છેલ્લા ૧૭ વર્ષથી નાસ્તા ફરતા આરોપીને ટેક્નિકલ સોર્સ અને બાતમી અને માહિતીને આધારે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના લોંગડી ગામ નજીકથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લઈ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. રાજુલા પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે વધુ પુરાવા માટે પૂછપરછ શરૂ કરવામાં આવી છે આરોપી મનુભાઈ ઉર્ફે મનો વેલજીભાઈ ઉર્ફે વાલાભાઈ સોલંકીને ઉંમર ૫૭ રહેવાસી ધુડીયા આગરીયા રાજુલા પોલીસ આજે કોર્ટમાં રજૂ કરાશે. અત્યાર સુધીમાં ક્યાં ક્યાં વિસ્તારમાં નાસ્તો ફરતો હતો. તેને લઈ પૂછપરછ શરૂ કરી તપાસ હાથ ધરી છે. અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ અલ્પેશ પટેલની ટીમના બહાદુરભાઈ વાળા, લીલેશભાઈ બાબરીયા, જયેન્દ્રભાઈ બસીયા, યુવરાજ સિંહ વાળા સહીત પોલીસ કર્મચારીઓને સફળતા મળી છે. આ કામગીરીની અમરેલી SP એ પ્રસંશા કરી બિરદાવ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨